# આત્મધર્મ

## વર્ષ ૧૬

## સળંગ અંક ૧૮૬

## Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Oct 2003 | First electronic version. |

ભારત-અભિનંદનીય ગુરુદેવ અભિનંદન અંક


સંસારથી સંતપ્ત જીવોને શાંતિની ઝાંખી કરાવતું અજોડ આધ્યાત્મિક-માસિક




વર્ષ ૧૬ મું
અંક ૬ ઠો
ચૈત્ર
વી. સં. ૨૪૮૫
: સંપાદક :
રામજી માણેકચંદ શાહ
૧૮૬

# સમકિતી ધર્માત્માની મુનિભક્તિ

સમકિતી ધર્માત્માને રત્નત્રયના સાધક સંતમુનિવરો પ્રત્યે એવો ભક્તિભાવ હોય છે કે તેમને જોતાં જ તેના રોમરોમ ભક્તિથી ઉલ્લસી જાય છે....અહો ! આ મોક્ષના સાક્ષાત્ સાધક સંત ભગવાનને માટે હું શું-શું કરું ! કઈ-કઈ રીતે તેમની સેવા કરું !! કઈ રીતે એમને અર્પણતા કરી દઉં !!- આમ ધર્મીનું હૃદય ભક્તિથી ઊછળી જાય છે. અને જ્યાં એવા સાધકમુનિ પોતાના આંગણે આહાર માટે પધારે ને આહારદાનનો પ્રસંગ બને ત્યાં તો જાણે સાક્ષાત્ ભગવાન જ આંગણે પધાર્યા....સાક્ષાત્ મોક્ષમાર્ગ જ આંગણે આવ્યો- એમ અપાર ભક્તિથી મુનિને આહારદાન આપે.



શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# મોક્ષાર્થી જીવ શું કરે ?

( ફાગણ સુદ ૧૨ ના રોજ સોલાપુરમાં ગુરુદેવના પ્રવચનમાંથી )

આ સમયસાર શાસ્ત્ર વંચાય છે; તેના કર્તા ભગવાન કુંદકુંદાચાર્યદેવ આ ભરત ક્ષેત્રમાં લગભગ સં. ૪૯ માં વિચરતા હતા, નિર્વિકલ્પ શાંતિનું વેદન કરતા હતા. તેઓ પોન્નુર પહાડી ઉપર ધ્યાન કરતા હતા–હમણાં તેની યાત્રા કરી આવ્યા. તે કુંદકુંદાચાર્યદેવ મહાસમર્થ અને ઋદ્ધિધારક સંત હતા. તે વખતે તીર્થંકરનો અહીં વિરહ હતો.....વિદેહ ક્ષેત્રે સીમંધર પરમાત્મા સાક્ષાત્ બિરાજતા હતા–ને અત્યારે પણ તે ભગવાન બિરાજે છે. કુંદકુંદાચાર્યદેવ અહીંથી વિદેહ ક્ષેત્રે સીમંધર ભગવાન પાસે ગયા હતા. મદ્રાસમાં પં. મલ્લિનાથજી કહેતા હતા કે આ પોન્નુર ક્ષેત્રથી તેઓ વિદેહ ગયા હતા અને ત્યાંથી આવીને પછી આ સમયસાર વગેરે મહાન શાસ્ત્રો રચ્યા હતા. આ રીતે સાક્ષાત્ સર્વજ્ઞ પરમાત્મા પાસેથી સાંભળેલું ને કુંદકુંદાચાર્યદેવે પોતે અનુભવીને કહેલું એવું આ સમયસાર શાસ્ત્ર છે, તેની ૧૭–૧૮ મી ગાથા વંચાય છે.

આચાર્ય ભગવાન કહે છે કે હે જીવ! તું પ્રયત્ન વડે તારા આત્માની શ્રદ્ધા કર, તેનું જ્ઞાન કર ને તેમાં જ એકાગ્રતાવડે તેનું અનુસરણ કર. પૂર્વે અનંતકાળમાં એક ક્ષણ પણ તેં તારા શુદ્ધ આત્માનું સેવન કર્યું નથી; શુદ્ધ આત્માના ભાન વગર પુણ્ય–પાપ વિકારનું સેવન કરીને તું ચાર ગતિના અવતારમાં પરિભ્રમણ કરી રહ્યો છે.

આત્મા ત્રિકાળી સત્ પદાથ છે; તેનો કોઈ કર્તા નથી. જે વસ્તુ સત્ છે તેનો કર્તા કોણ હોય ? અને જે વસ્તુ સર્વથા હોય જ નહિ તેને પણ કોણ કરે ? આત્મા સત્ વસ્તુ છે તેનો કોઈ કર્તા નથી; તે સદાય છે, છે ને છે. અત્યાર સુધી જીવ ક્યાં રહ્યો ? જો પોતાના સ્વભાવને જાણીને સિદ્ધપદ પામી ગયો હોય તો તેને સંસારમાં અવતાર ન હોય. પણ જીવ પોતાના સ્વભાવને ભૂલીને અત્યાર સુધી સંસારની ચાર ગતિમાં રખડયો છે, ચારે ગતિમાં અનંત અવતાર તે કરી ચૂક્યો છે. તે ચાર ગતિના દુઃખથી જે છૂટવા માંગતો હોય ને આત્માની શાંતિનો અનુભવ કરવા માંગતો હોય એવા મોક્ષાર્થી જીવને માટે આચાર્યદેવ કહે છે કે–

જ્યમ પુરુષ કોઈ નૃપતિને જાણે પછી શ્રદ્ધા કરે, પછી પ્રયત્નથી ધન–અર્થીએ અનુસરણ નૃપતિનું કરે
જીવરાજ એમજ જાણવો વળી શ્રદ્ધવો પણ એ રીતે એનું જ કરવું અનુસરણ પછી યત્નથી મોક્ષાર્થીએ

જેમ ધનનો અર્થી પુરુષ રાજાને ઓળખીને પછી શ્રદ્ધાપૂર્વક તેનું સેવન કરે છે, તેમ જે મોક્ષનો અર્થી છે, બીજી કોઈ ચીજનો અર્થી નથી, પુણ્યનો પણ અર્થી નથી, માત્ર મોક્ષનો જ અર્થી છે, તે જીવે શું કરવું ? કે બધા તત્ત્વોમાં ઉત્કૃષ્ટ એવા જીવ–રાજાને એટલે કે પોતાના શુદ્ધ આત્મસ્વભાવને બરાબર જાણીને પછી શ્રદ્ધાપૂર્વક તેનું જ સેવન કરવું....તેના સેવનથી અવશ્ય શુદ્ધાત્માની પ્રાપ્તિ થાય છે. આ સિવાય બીજી કોઈ રીતે શુદ્ધાત્માની પ્રાપ્તિ થતી નથી–એ નિયમ છે.

અંતરમાં મારે શાંતિ જોઈએ, જગતમાં બીજું કાંઈ મારે જોઈતું નથી–એમ જે જીવ આત્માર્થી છે–મોક્ષાર્થી છે, એવા જીવની આ વાત છે. ધર્માત્મા ધનનો કે વૈભવનો અર્થી નથી. તે તો પોતાના આત્માના મોક્ષનો જ અર્થી છે. તેને આચાર્યદેવ કહે છે કે અરે જીવ! તારા આત્મામાં જ તારી શાંતિ ભરી છે, તેમાં અંતર્મુખ થઈને તેનું જ તું સેવન કર, બહારના પદાર્થોના સેવનથી તને શાંતિ નહિ મળે. જેમ કસ્તુરી મૃગની ડૂંટીમાં જ સુંગધી ભરી છે પણ તે પોતાની સુંગધને ભૂલીને બહારમાં દોડી રહ્યું છે....તેમ આત્માની પ્રભુતા આત્મામાં જ ભરી છે, પણ પોતાની પ્રભુતાને ભૂલીને બાહ્યવિષયોમાં કે રાગમાં શાંતિને શોધે છે ને તેને પ્રભુતા આપીને તેનું સેવન કરે છે તેથી ચાર ગતિમાં રખડે છે...... અહીં આચાર્યદેવ કહે છેઃ હે જીવ! જો તું ખરેખર મોક્ષાર્થી હો તો તારા આત્માની પ્રભુતાને જાણીને તેનું જ સેવન કર; તેના સેવનથી તને જરૂર તારા આત્માની શાંતિનું વેદન થશે.

# ભારત-અભિનંદનીય ગુરુદેવને અભિનંદન



હે શાસનપ્રભાવી સંત! આપશ્રીના ધન્ય અવતારના આ ૭૦મા જન્મોત્સવ પ્રસંગે આત્મિક ઉમંગની લાગણીપૂર્વક આપશ્રીનું અભિનંદન કરીએ છીએ. આપશ્રીનો મંગલ જન્મ ભારતભરના જિજ્ઞાસુ જીવોને આત્મહિત માટેની જાગૃતિનું કારણ બન્યો છે.....આ વર્ષનો આપશ્રીનો જન્મોત્સવ તીર્થયાત્રા કરતાં કરતાં વચ્ચે ઊજવાઈ રહ્યો છે....તીર્થસ્વરૂપ જે રત્નત્રયમાર્ગ, તેના આપ પ્રવાસી છો.....ભારતના અનેક તીર્થધામોની યાત્રા દરમિયાન રત્નત્રયરૂપ તીર્થની આપે ઘણી મોટી પ્રભાવના કરી છે; ભારતના લાખો લોકોએ હર્ષ અને ભક્તિપૂર્વક આપશ્રીનાં દર્શન કરીને આપને અભિનંદ્યા છે.....ભારતના ખૂણે ખૂણેથી હજારો–લાખો લોકોએ અભિનંદન આપીને આપશ્રીને '**ભારત-અભિનંદનીય**' બનાવ્યા છે.....આ જન્મોત્સવના મંગલ પ્રસંગે અમે તેમાં ભક્તિપૂર્વક સૂર પૂરીને આપશ્રીનું અભિનંદન કરીએ છીએ.

**તીર્થસ્વરૂપ હે મંગલમૂર્તિ ગુરુદેવ!**

જે રીતે ભારતભરના તીર્થધામોની અતિ ઉલ્લાસભરી યાત્રા કરીને આપે અમને આનંદિત બનાવ્યા, તેમ રત્નત્રયાત્મક તીર્થધામની યાત્રા કરીને આપ અમને અતીન્દ્રિય આનંદરૂપ બનાવો... અને આપશ્રીની સાથે સાથે સાક્ષાત્ સિદ્ધિધામની યાત્રા કરાવો.

આ મંગલ તીર્થયાત્રા મહોત્સવની સ્મૃતિમાં, રત્નત્રય તીર્થની પ્રાપ્તિની ભાવનાપૂર્વક આપશ્રીના મંગલ જન્મોત્સવ પ્રસંગે આ અંક આપને સમર્પણ કરીને, ફરીફરીને આપશ્રીને અભિનંદન કરીએ છીએ.

**..... બાલ યાત્રિક હરિ.**

# યાત્રાનું અમરઝરણું




હે પરમવૈરાગી અડગ સાધક, ઉત્કૃષ્ટ આત્મધ્યાની બાહુબલીનાથ ! કહાનગુરુદેવની સાથે આપશ્રીની પરમવૈરાગી ધ્યાનમુદ્રાના દર્શન કરતાં આપશ્રીની પરમ આત્મસાધના અમારા હૃદયમાં કોતરાઈ ગઈ છે.....કહાનગુરુદેવ સાથે થયેલી આપશ્રીની આ મહા ‘ મંગલવર્દ્ધિની ’ યાત્રા સર્વે યાત્રિકોના જીવનમાં આત્મહિતની પ્રેરણાનું એક અમરઝરણું બની જશે....અને ફરી ફરીને-જીવનની પ્રતિ ક્ષણે-આપની પાવન ધ્યાનમુદ્રાના સ્મરણ માત્રથી પણ યાત્રાનું એ અમર ઝરણું અમને શાંતિ આપીને સંસારના તાપથી બચાવશે.....ને આપના જેવું મોક્ષસુખ પમાડશે.

પ્રભો ! આપની પરમ ધ્યાનમુદ્રા મૌન હોવાં છતાં જાણે કે આપના આત્મપ્રદેશોમાંથી રણકાર ઊઠી રહ્યા છે કે....

મને લાગે સંસાર અસાર....એ રે સંસારમાં નહીં જાઉં....નહીં જાઉં....નહીં જાઉં રે....

મને જ્ઞાયક ભાવનો પ્યાર.....એ રે જ્ઞાયકમાં હું લીન થાઉં.....લીન થાઉં....લીન થાઉં રે.....

# આત્મધર્મ

વર્ષ સોળમું | સંપાદક | ચૈત્ર

અંક ૬ ઠો | રામજી માણેકચંદ દોશી | ૨૪૮૫


## યાત્રા સમાચાર

“પૂ. શ્રી કાનજીસ્વામી દિ. જૈન તીર્થયાત્રા સંઘ” પૂ. ગુરુદેવ સાથે આનંદપૂર્વક તીર્થયાત્રા કરતો વિચરી રહ્યો છે....પૂ. ગુરુદેવ જ્યાં જ્યાં પધારે છે ત્યાં ત્યાં મોટો મહોત્સવ રચાઈ જાય છે, ને ઠેરઠેર નગરજનો ઉમળકાભર્યું સ્વાગત કરે છે. સંઘના અમરાવતી (ફાગણ વદ ૧૪) સુધીના વિગતવાર સમાચાર આ અંકમાં આપ્યા છે. ત્યારપછી નાગપુર, ડુંગરગઢ, ખેરાગઢ, રામટેક, સીવની, જબલપુર, મઢીયાજી, પનાગર, દમોહ, કુંડલગીરી, શાહપુર, સાગર, નૈનાગીરી, દ્રૌણગીરી, ખજરાહ, પપૌરાજી, ટીકમગઢ, આહારક્ષેત્ર, લલિતપુર અને દેવગઢ (ચૈત્ર વદ ત્રીજે) થઈને કુશળપૂર્વક આગળ પ્રસ્થાન કરી રહ્યો છે....મુખ્ય મુખ્ય તીર્થધામોની યાત્રા ઘણા ઉલ્લાસપૂર્વક થઈ ગઈ છે....ને હવે પાછા ફરી રહેલા ભક્તોને ઘડીએ ઘડીએ સોનગઢનું સ્મરણ થાય છે....



પરમ પૂજ્ય શ્રી કહાનગુરુદેવની સંઘસહિત દક્ષિણના તીર્થધામોની મંગલયાત્રાનું મુંબઈથી મદ્રાસ સુધીનું સંક્ષિપ્ત વર્ણન ‘આત્મધર્મ’ ના છેલ્લા બે અંકોમાં પ્રસિદ્ધ થઈ ચૂકયું છે....હવે મદ્રાસથી આગળ વધતાં પહેલાં મદ્રાસ સુધીની તીર્થયાત્રાને જરાક યાદ કરી લઈએ.

મહા સુદ આઠમના રોજ મુંબઈથી નીકળી, વચ્ચે મુમ્રા થઈને પુના આવ્યા....પછી ફલટન શહેરના ભવ્ય જિનાલયોના દર્શન કરીને દહીંગાવમાં સીમંધરાદિ વીસ ભગવંતોના ભવ્ય પ્રતિમાના દર્શન કર્યા.....પછી બાહુબલી (કુંભોજ) ક્ષેત્રમાં ૨૮ ફૂટના બાહુબલી પ્રતિમા, સમવસરણ મંદિર, બાહુબલી–મંદિર, માનસ્તંભના તથા નાનકડા પર્વત ઉપર ૩ મંદિરોનાં દર્શન કર્યા....ત્યારબાદ કોલ્હાપુર થઈને બેલગાંવ આવ્યા. ત્યાં કિલ્લાના પ્રાચીન જિનમંદિરમાં નેમિચન્દ્ર સિદ્ધાન્તચક્રવર્તી દ્વારા પ્રતિષ્ઠિત નેમિનાથ ભગવાનના દર્શન કર્યા. હુબલીમાં હાથીનાં બે બચ્ચાંએ સ્વાગત કર્યું...... ત્યારબાદ રમણીય વન–જંગલ વચ્ચેથી પસાર થઈને જોગફોલ્સના કુદરતી ધોધ વગેરે જોઈને હુમચ આવ્યા...અનેક પ્રાચીન જિનાલયો તથા રત્નાદિ–પ્રતિમાનાં દર્શન કર્યા....તથા પહાડી ઉપરના જિનમંદિરમાં બાહુબલીનાથના દર્શન કર્યા. ત્યારબાદ ઘણા ઉલ્લાસપૂર્વક કુંદગિરિ (કુંદાદ્રિ) તીર્થધામની યાત્રા કરીને, વચ્ચે મોટો ઘાટ ઓળંગીને મૂળબિદ્રિ આવ્યા....ત્યાં ત્રિભુવનતિલકચુડામણિ મંદિરમાં રાત્રે હજારો દીપકોના ઝગમગાટમાં દર્શન કર્યા...રત્નાદિના પ્રતિમાઓનાં તથા તાડપત્રોક્ત જિનવાણીના ઘણી ભક્તિથી ફરીફરીને દર્શન કર્યા....બીજા પણ અનેક જિનાલયોમાં ચોવીસ ભગવંતો વગેરેનાં દર્શન કર્યા.....કારકલમાં

લગભગ ૪૧ ફૂટના બાહુબલી ભગવાન અને અનેક જિનમંદિરોનાં દર્શન કર્યા......વેણુરમાં લગભગ ૩૫ ફૂટના બાહુબલી ભગવાનના દર્શન કર્યા...હળેબિડમાં ઉત્તમ કારીગરીવાળા પ્રાચીન મંદિરો અને ૧૫-૨૦ ફૂટ ઊંચા અતિ ભવ્ય ભગવંતોના દર્શન કર્યા.....હાસનમાં હોંસભર્યું સ્વાગત થયું....મહા વદ નોમે પૂ. ગુરુદેવ શ્રવણબેલગોલ પધાર્યા....અને સંઘસહિત અતિ ઉલ્લાસપૂર્વક બાહુબલી ભગવાનની યાત્રા કરી....ખૂબ જ ભાવથી પૂજન-ભક્તિ કર્યા. ૫૭ ફૂટ ઊંચા અતિ મનોજ્ઞ વીતરાગી ઉપશાંત આત્મધ્યાની બાહુબલીનાથને નીહાળતાં જ સંતોની પરિણતિમાંથી જાણે કે રણકાર ઊઠતા હતા કે-

મને લાગે સંસાર અસાર.....
આરે....સંસારમાં નહીં જાઉં...નહીં જાઉં....નહીં જાઉં રે
મને જ્ઞાયકભાવનો પ્યાર.....
એ રે....જ્ઞાયકમાં હું લીન થાઉં.....લીન થાઉં.....
લીન થાઉં રે.........
મને સિદ્ધસ્વરૂપનો પ્યાર...
એ રે સિદ્ધપદમાં નમી જાઉં...નમી જાઉં....
નમી જાઉં.......રે.........

આવા ઉત્કૃષ્ટ ભાવે ફરીફરીને બાહુબલી ભગવાનના દર્શન કર્યા...બીજી પહાડી ચંદ્રગીરી ઉપર અનેક જિનાલયોના, કુંદકુંદપ્રભુ વગેરે સંબંધી અનેક શિલાલેખોના, ભદ્રબાહુસ્વામીની ગૂફાના દર્શન કર્યા...ગામની જનતાએ ગુરુદેવનું ખૂબ જ સ્વાગત કર્યું...ત્યારબાદ મૈસુર શહેરમાં ચાર હાથી સહિત ભવ્ય સ્વાગત થયું....શ્રીરંગપટ્ટમમાં ૨૪ ભગવંતો અને ગોમટગીરીમાં બાહુબલી ભગવાન દેખ્યા... વૃંદાવન ગાર્ડન વગેરેની શોભા જોઈ....પછી બેંગલોર થઈને મદ્રાસ આવતાં વચ્ચે પુંડી ગામમાં પ્રાચીન પ્રભુનાં દર્શન ગુરુદેવે કર્યા....ફાગણ સુદ એકમના રોજ મદ્રાસમાં ગુરુદેવનું ભવ્ય સ્વાગત થયું...ફાગણ સુદ પાંચમના રોજ પોન્નુરની પહાડી ઉપર કુંદકુંદપ્રભુની પવિત્ર તપોભૂમિની ખૂબજ ઉલ્લાસભરી યાત્રા થઈ...૭૦૦ ઉપરાંત ભક્તો સહિત અતિ ભક્તિપૂર્વક કહાનગુરુદેવ કુંદપ્રભુના ચરણોને ચંપાવૃક્ષ નીચે ખૂબ જ શાંતિથી ભેટયા...ને નીરખી નીરખીને ભાવપૂર્વક એ પાવન ધામ નીહાળ્યું.....

અહીં જાત્રાનો એક મુખ્ય હપ્તો પૂરો થયો...અને લગભગ ૪૦૦ યાત્રિકો મુંબઈ તરફ પાછાફર્યા...બાકીના ૨૫૦ જેટલા યાત્રિકો સહિત અકલંકવસતી વગેરેનાં દર્શન કરીને ગુરુદેવ મદ્રાસ પધાર્યા....


અહીં સુધીની વિગત“ આત્મધર્મ ” માં આવી ગઈ છે...હવે ત્યાર પછીના યાત્રાધામોમાં આપણે આગળ વધીએ.

**બેઝવાડા-હૈદરાબાદ**

ફાગણ સુદ છઠ્ઠ ( તા ૧૫ માર્ચ ) ના રોજ મદ્રાસથી નેલ્લુર થઈને બેઝવાડા આવ્યા...ફાગણ સુદ સાતમે ગુરુદેવ બેઝવાડા પધારતાં ગુજરાતી સમાજે સ્વાગત કર્યું....યાત્રિકો ફા. સુદ આઠમે હૈદરાબાદ આવી ગયા...ને બે દિવસથી ભગવાનના વિરહમાં પડેલા ભક્તો રીક્ષામાં બેસી બેસીને ભગવાનને ભેટવા માટે આનંદપૂર્વક દોડયા. ભગવાનનાં દર્શન કરવા માટે ભક્તોનું હૃદય કેવું તલસે છે તે અહીં દેખાઈ આવતું હતું. ભક્તોએ હોંસે હોંસે પ્રભુજીનાં દર્શન કર્યા...ને રાત્રે પૂ. બેનશ્રીબેને ( અષ્ટાહ્નિકા નિમિત્તે તેમજ યાત્રા ઉત્સવ નિમિત્તે ) ભાવભીની નવીનવી ભક્તિ ગવડાવી હતી. ફા. સુ. ૯ ના રોજ ગુરુદેવ હૈદરાબાદ પધારતાં ભક્તોએ સ્વાગત કર્યું ગુરુદેવ સાથે અહીંના ૪ દિ. જિનમંદિરોનાં દર્શન કર્યાં, તેમાં સેંકડો પ્રાચીન પ્રતિમાઓ બિરાજે છે. આ ઉપરાંત અહીંના વિશાળ મ્યુઝીયમમાં શ્રીપાર્શ્વનાથ અને મહાવીર ભગવંતોના ( ૨૪ ભગવંતો સહિત ) અતિ મનોજ્ઞપ્રતિમા જોયા...

**સોલાપુરમાં ફાગણ સુદ ૧૧**

હૈદરાબાદથી પ્રસ્થાન કરીને સંઘ સાંજે સોલાપુર આવી ગયો.....રાત્રે રાજુલદેવી શ્રાવિકશ્રમના જિનાલયમાં પૂ. બેનશ્રી બેને ભક્તિ કરાવી...ફા. સુ. ૧૨ ના રોજ ગુરુદેવ સોલાપુર પધારતાં જૈન સમાજે ઉત્સાહપૂર્વક સ્વાગત કર્યું....શ્રાવિકાશ્રમના અધિષ્ઠાતા પં. સુમતીબાઈએ યાત્રાસંઘની વ્યવસ્થા ઘણા વાત્સલ્યપૂર્વક કરી હતી...પં. સુમતીબાઈ બાલબ્રહ્મચારી છે, તેઓ સોનગઢ પ્રત્યે ખાસ પ્રેમ ધરાવે છે. આ ઉપરાંત શેઠ રાવજીભાઈ, શેઠ માણેકલાલ ભાઈ વગેરેએ પણ હોંસપૂર્વક ભાગ લીધો હતો. સ્વાગતપ્રસંગે આશ્રમના



## હૈદરાબાદના એક જિનમંદિરના ભગવંતો

જિનાલયમાં કુંદકુંદપ્રભુનું અને ગુરુદેવનું ત્રિરંગી રંગોળીચિત્ર આલેખવામાં આવ્યું હતું, તે ખૂબ જ કળામય હતું, જાણે અસલી ફોટા જ નીચે પાથર્યા હોય એવું દેખાતું હતું; આ દૃશ્ય નવીન હતું....ગુરુદેવે આદિનાથમંદિરમાં માંગળિક સંભળાવ્યું...અહીં પૂ. ગુરુદેવ પધારવાથી, અને પૂ. બેનશ્રીબેનના સમાગમથી સુમિતબાઈ ખૂબ જ પ્રસન્ન થયા હતા. અહીં ગુરુદેવ પધારતાં અને સોનગઢ તથા સોલાપુર બંને આશ્રમના બહેનોનું મિલન થતાં સોનગઢ જેવું વાતાવરણ લાગતું હતું. અહીં સાત સુંદર જિનમંદિરો છે...તેમાં રત્નત્રય ભગવંતો વગેરેના સુંદર પ્રતિમાજી છે. ગુરુદેવનું પ્રવચન જૈન બોર્ડિંગમાં ખાસ મંડપમાં થતું હતું, પ્રવચનમાં હજારો લોકો ઉત્સાહથી ભાગ લેતા હતા. રાત્રે શ્રાવિકાશ્રમના મંદિરમાં કમલાસન મહાવીરપ્રભુ સન્મુખ ભક્તિ થઈ હતી...ભક્તિ વખતે આખું મંદિર અંદર તેમજ બહાર ચીક્કાર ભરાઈ ગયું હતું....ને પૂ. બેનશ્રીબેને વૈરાગ્ય અને ઉલ્લાસથી ભરેલી ખૂબજ ભક્તિ કરાવી હતી. ભક્તિ પછી બંને આશ્રમના બહેનોએ પરસ્પર પરિચય કર્યો હતો, તેમજ ભક્તિ પૂર્વક રાસ લીધો હતો તેમજ તાત્ત્વિક પ્રશ્નોત્તર થયા હતા. આ પ્રસંગે અરસપરસના પરિચયથી બંને આશ્રમના બહેનોને ઘણી પ્રસન્નતા થઈ હતી.

ફાગણ સુદ તેરસની સવારે પ્રવચન બાદ જૈન બોર્ડિંગમાં ગુરુદેવના સ્વાગતનો સમારંભ થયો હતો. અને બપોરે શ્રી આદિનાથ મંદિરમાં સુંદર ભક્તિ થઈ હતી; ભાવભીની ભક્તિમાં પૂ. બેનશ્રીબેનની તન્મયતા દેખીને લોકો આશ્ચર્ય અને આનંદ પામ્યા. રાત્રે શ્રાવિકાશ્રમમાં સુંદર આધ્યાત્મિક તત્ત્વચર્ચા થઈ હતી, અને તત્ત્વચર્ચા બાદ આશ્રમ તરફથી વિદ્યુલતાબેન શાહે ( B. A. B. T હેડ મીસ્ટ્રેસે ) ઘણી લાગણી પૂર્વક ભાવભીનું અભારદર્શન ( મરાઠી ભાષામાં ) કર્યું હતું; શ્રીમતી વિદ્યુલતાબેન બાલ બ્રહ્મચારી છે ને સોનગઢ પ્રત્યે ઘણો પ્રેમ ધરાવે છે. આભાર દર્શનમાં તેમણે સોનગઢના આધ્યાત્મિક વાતાવરણની પ્રશંસા કરી હતી, અને ગુરુદેવ સંઘ સહિત સોલાપુર પધાર્યા તથા શ્રાવિકા આશ્રમમાં પધારીને તેઓશ્રીએ અધ્યાત્મચર્ચાનો લાભ આપ્યો તે બદલ ઘણી પ્રસન્નતાથી તેમણે આભાર માન્યો હતો. તેમજ પૂ. બેનશ્રી–બેન ( –ચંપાબેન તથા શાંતાબેન ) ત્રણ દિવસ આશ્રમમાં ઉતર્યા અને ભાવભીની ભક્તિ ચર્ચાનો ખૂબ લાભ આપ્યો તે બદલ તેમનો પણ આભાર માન્યો હતો. પૂ. બેનશ્રીબેનના ત્રણ દિવસના સહવાસથી આશ્રમના બધા બહેનો ખૂબ પ્રભાવિત થયા હતા, અને તેઓશ્રીના જ્ઞાન–શાંતિ–વૈરાગ્ય તથા


ભક્તિની તલ્લીનતાની મુક્તકંઠે પ્રશંસા કરી હતી. પૂ. ગુરુદેવ અને બેનશ્રીબેન પધારતાં આશ્રમનું વાતાવરણ જ પલટી ગયું હતું, ચારે કોર આનંદ ઉત્સવ અને અધ્યાત્મચર્ચાનું વાતાવરણ બની ગયું હતું. આશ્રમનું વાતાવરણ સુંદર, આનંદી અને ઉલ્લાસભર્યું છે. પં. સુમતીબહેનની આગેવાનીમાં આશ્રમની દરેક બહેનો અને દરેક કાર્યકરો ખૂબ જ પ્રેમ અને હોંસથી સંઘ સાથે ભળી જઈને આગતાસ્વાગતા કરતા હતા. ખરેખર સોલાપુરના બે દિવસો,–અને તેમાં પણ રાજુલદેવી શ્રાવિકાશ્રમના બે દિવસો સંઘને બહુ યાદ રહેશે.

આ રીતે સોલાપુરનો કાર્યક્રમ પૂરો કરીને, ફાગણ સુદ ૧૪ ની સવારમાં ગુરુદેવે સંઘસહિત કુંથલગિરિ સિદ્ધક્ષેત્ર તરફ પ્રસ્થાન કર્યું. આશ્રમવાસીઓએ ભાવભીની વિદાય આપી. બ્ર. સુમતીબેનને વિશેષ ભાવભીની વિદાય આપી. બ્ર. સુમતીબેનને વિશેષ ભાવ થતાં તેઓ કુંથલગીરીની યાત્રા માટે સંઘની સાથે આવ્યા.

**ધારાશિવની જૈન ગુફાઓ**

સોલાપુરથી કુંથલગિરિ જતાં વચ્ચે ઉસ્માનાબાદથી ત્રણ માઈલ પર ધારાશિવની ગુફાઓ છે, તે જોવા ગયા હતા. અહીં પર્વતમાં પ્રાચીન ગુફાઓ કોતરેલી છે. આ પ્રાચીન ગુફાઓ કરકંડુ રાજાએ કરાવેલી ગણાય છે, અનેક ગુફાઓમાં જિનબિંબો બિરાજે છે...એક ગુફામાં પાણીની વાવડી પણ છે. ગુરુદેવ વગેરે ત્યાં ગુફાઓમાં વહેલાં પહોંચી ગયા હતા...પાછળ રહેલા સેંકડો યાત્રિકો ગુરુદેવને અને ગુફાઓને શોધતા શોધતા ચારે કોર ઘૂમી રહ્યા હતા...ગુફાવાસી ભગવંતોની શોધમાં આખા પર્વત ઉપર ભક્તો છૂટાછવાયા ફરી રહ્યા હતા. ભગવાનની શોધમાં ફરીફરીને થાકેલા ભક્તોને ગુફામાં પ્રવેશતાં શાંતિ થઈ ને જિનેન્દ્ર ભગવંતના દર્શન કરતાં જ થાક ઉતરી ગયો.... “ હર્ષ પૂર્વક ભગવાનના દર્શન કરીને સૌએ ભક્તિ કરી...ગુફાઓનું વાતાવરણ બહુ શાંત છે....કોઈ કોઈ ગુફા તો એવી શાંત છે કે અંદર પ્રવેશતાં જાણે કોઈ મહામુનિઓની સમીપમાં આવ્યા હોઈએ–એવી શાંતિ લાગે છે. એક મોટી ગુફામાં લગભગ ૭ ફૂટ વિશાળ પાર્શ્વપ્રભુ બિરાજે છે.

ધારાશિવની જૈન ગુફાઓ જોઈને ઉસ્માનાબાદમાં




કુંથલગિરિનું સુંદર દ્રશ્ય

પારસપ્રભુ વગેરેના દર્શન કરીને કુંથલગિરિ તરફ પ્રસ્થાન કર્યું......ગુરુદેવ ઉસ્માનાબાદમાં રોકાયા હતા અને ત્યાં પ્રવચન કર્યા બાદ કુંથલગિરિ પધાર્યા.

### કુંથલગિરિ સિદ્ધક્ષેત્ર

દૂરદૂરથી આ સિદ્ધક્ષેત્રના દર્શન થતાં આનંદ થાય છે.. સિદ્ધિધામ બહુ રળિયામણું છે... તીર્થક્ષેત્રને લગભગ અર્ધચકરાવો લઈને ગુરુદેવની મોટર આવી પહોંચતાં ભાવભીનું સ્વાગત થયું.... બ્રહ્મચર્યાશ્રમના વિદ્યાર્થીઓએ સંસ્કૃતમાં સ્વાગત ગીત ગાયું......ત્યારબાદ જિનેન્દ્ર ભગવાનના દર્શન કરીને, સમન્તભદ્ર મહારાજ સાથે ગુરુદેવનું મિલન થયું અને પ્રસન્ન વાતાવરણ વચ્ચે લગભગ એક કલાક સુધી પ્રેમભરી વાતચીત થઈ. વાતચીત દરમીયાન મહારાજજીએ પ્રમોદથી કહ્યું કે તમે આત્માનું સાધ્યું છે; અને તમે અહીં આવ્યા છો તો અમને લાભ મળવો જોઈએ. અહીં કટનીવાળા પં. જગન્મોહનલાલજી શાસ્ત્રી પણ આવ્યા હતા અને ગુરુદેવ સાથે વાતચીતથી ખૂબ પ્રસન્ન થયા હતા.

આ કુંથલગિરિ–સિદ્ધિધામથી દેશભૂષણ, કુલભૂષણ આદિ કરોડો મુનિવરો મુક્તિ પામ્યા છે... પર્વત નાનકડો રળિયામણો છે.....તળેટીમાં પાંચ તથા પર્વત ઉપર ચાર એમ કુલ ૯ જિનમંદિરો છે.... ઉપરના મુખ્ય મંદિરમાં દેશભૂષણ–કુલભૂષણ મુનિવરોના અતિ ભાવવાહી ખડગાસન પ્રતિમા બિરાજે છે– જાણે ક્ષપકશ્રેણી માંડીને હમણાં જ કેવળજ્ઞાન પામતા હોય–એવા ભાવ તેમના દર્શન કરતાં ભક્તોને જાગે છે. આ મંદિરના ઉપરના ભાગમાં સીમંધર ભગવાન બિરાજે છે....નીચેના મંદિરમાં અતિભાવવાહી રત્નત્રય ભગવંતો બિરાજે છે.



કુંથલગિરિના રત્નત્રય ભગવંતો

ઘણા ભક્તો ફા. સુ. ૧૪ની સાંજે જ ઉપર જઈને દર્શન કરી આવ્યા હતા. રાત્રે જિનમંદિરમાં રત્નત્રય ભગવંતો સન્મુખ ખૂબ ભાવવાહી ભક્તિ થઈ હતી. સિદ્ધક્ષેત્રમાં પૂ. બેનશ્રીબેનની વૈરાગ્યમય ભક્તિ દેખીને સૌને આનંદ થતો હતો.–

આજ અમોલક અવસર આયા......
રત્નત્રય પ્રભુ દર્શન પાયા.........
ગુરુદેવ સાથે યાત્રા પાયા........

મુનિવર સિદ્ધિધામ નીરખ...મૈં આનંદ પાયા રે.
હાં....હાં મૈં આનંદ પાયા રે.....

ઇત્યાદિ પ્રકારે પૂ. બેનશ્રીબેન ગુરુદેવ સાથેની યાત્રાનો આનંદ પણ ભક્તિ દ્વારા વ્યક્ત કરતા હતા.

**ફાગણ સુદ પૂર્ણિમા**

સવારમાં ૬ા વાગે પૂ. ગુરુદેવ સંઘસહિત કુંથલગિરિ સિદ્ધક્ષેત્રની યાત્રા માટે ચાલ્યા....આજે પૂ. ગુરુદેવ પણ ચાલીને યાત્રા કરતા હતા તેથી ગુરુદેવ સાથે યાત્રામાં ભક્તોને વિશેષ આનંદ આવતો હતો. દસેક મિનિટમાં પર્વત ઉપર પહોંચી ગયા....ઘણા ભક્તિભાવપૂર્વક દર્શન–પૂજન–અભિષેક અને ભક્તિ કર્યા. કુંથલગિરિપૂજન તથા સિદ્ધપૂજન બાદ ગુરુદેવે ભક્તિ ગવડાવી. દેશભૂષણ અને કુલભૂષણ મુનિવરોની ભક્તિ કરાવતાં કરાવતાં વચ્ચે પ્રમોદથી ગુરુદેવે કહ્યું કે: ‘દેશ’ એટલે અસંખ્યપ્રદેશ; તેનું ‘ભૂષણ’ એટલે શોભા; અર્થાત્ અસંખ્ય પ્રદેશી પવિત્ર ચૈતન્યધામ તે ‘દેશભૂષણ’ છે; અને ‘કુલભૂષણ’ એટલે અનંત ગુણરૂપી કુળથી શોભતો એવો આત્મા, તેની આરાધના (શ્રદ્ધા–જ્ઞાન–રમણતા) તે ખરી યાત્રા છે.

અહીં ગુરુદેવની ભક્તિ અને ભાવભીના ઉદ્‌ગારો સાંભળીને યાત્રામાં સૌને ઘણો ઉલ્લાસ આવ્યો...



કુંથલગિરિ પર્વત ઉપર મુનિવરો પાસે પૂ. ગુરુદેવ

વંદો વંદો જી....હાં હાં વંદો વંદો જી.
કુંથલગિરિ તીરથ,
દેશભૂષણ મોક્ષ ગયે....
કુલભૂષણ મોક્ષ ગયે...

ઇત્યાદિ ભક્તિ થઈ હતી.

યાત્રા બાદ નીચે ઉતરતાં વચ્ચે નંદીશ્વર–મંદિર આવ્યું...આજે નંદીશ્વર અષ્ટાહ્નિકાના છેલ્લા દિવસે સિદ્ધિધામમાં ગુરુદેવ સાથે નંદીશ્વરમંદિરના દર્શન–યાત્રા કરતાં બેનશ્રીબેન વગેરે સૌને ઘણો હર્ષ થયો....

બપોરે ગુરુદેવના પ્રવચન બાદ ત્યાં સિદ્ધિધામની સન્મુખ ભક્તિ થઈ:

ભવિ ભાવે કુંથલગિરિ આવો સિદ્ધક્ષેત્ર જોવાને,
ભવિ ભાવે આ તીર્થધામ આવો...સુનિધામ જોવાને.....

રાત્રે સુંદર તત્ત્વચર્ચા થઈ હતી, તેમાં અનેકવિધ પ્રશ્નો ચર્ચાયા હતા.

**ફાગણ વદ એકમ**

પૂ. ગુરુદેવને ભાવ આવતાં આજે સિદ્ધક્ષેત્રની બીજી યાત્રા થઈ...ત્રણ પૂજન બાદ મુનિવરોની ઉલ્લાસપૂર્ણ ભક્તિ થઈ...ભક્તિ બાદ મુનિવરોની ચરણપાદુકાનો અભિષેક ઘણા ભક્તોએ કર્યો. આનંદથી યાત્રા કરીને સૌ ગાતાં ગાતાં નીચે આવ્યા......યાત્રા બાદ ગુરુદેવે ખાસ પ્રવચન



## ઈલોરાની ગુફા

કર્યું.....ત્યારબાદ આહારદાન-પ્રસંગ દર્શનીય હતો....બપોરે ૧ થી રાા જાતિસ્મરણ, સમ્યગ્દર્શન વગેરે સંબંધી ખૂબ તત્ત્વચર્ચા થઈ....ત્યારબાદ પ્રવચન થયું અને સાંજે પાંચ વાગે ગુરુદેવે કુંથલગિરીથી ઔરંગાબાદ પ્રસ્થાન કર્યું. (વચ્ચે કચનેરા ગામે રોકાયા. ત્યાં પાર્શ્વનાથ ભગવાન તથા વીસવિહરમાન ભગવંતો વગેરેનાં દર્શન કર્યાં.) કુંથલગિરિ સિદ્ધક્ષેત્રમાં રાત્રે પૂ. બેનશ્રીબેને ભક્તિ કરાવી, તથા રાત્રે ફરીને પર્વત ઉપર દર્શન કરવા ગયા...ત્યાં મુનિપરિણતિ, સમ્યગ્દર્શન, જાત્રાનો હેતુ વગેરે બાબતમાં સુંદર વાતચીત થઈ.....ફરી ફરીને સંતો સાથે આ સિદ્ધિધામની યાત્રા થઈ તેના ઉલ્લાસમાં ભક્તોએ ધર્મશાળામાં રાસપૂર્વક ખૂબ જ ભક્તિ કરીને પોતાનો હર્ષ વ્યક્ત કર્યો.

**કુંથલગિરિ સિદ્ધિધામની અપૂર્વ યાત્રા કરાવનાર ગુરુદેવને નમસ્કાર હો**

**ઔરંગાબાદ**

ફાગણ વદ બીજે સવારમાં કુંથલગિરિ સિદ્ધિધામના ફરી ફરી દર્શન કરીને યાત્રિકોએ ઔરંગાબાદ તરફ પ્રસ્થાન કર્યું.....વચ્ચે કચનેરા ગામે દર્શન તથા ભોજનનો કાર્યક્રમ હતો, પરંતુ રસ્તો વિશેષ ખરાબ હોવાથી ત્યાં જઈ શક્યા ન હતા, ને કચનેરાથી પાંચ માઈલ દૂર જંગલમાં ઝાડ નીચે જ યાત્રિકોએ ભોજન કર્યું હતું, ને ચાર વાગે ઔરંગાબાદ પહોંચી ગયા હતા. ઔરંગાબાદ આવતાં વચ્ચે અડુલ ગામે સુંદર ગુલાબી પાષાણના ખૂબ જ ચમકદાર મહાવીર પ્રભુના દર્શન કરીને ગુરુદેવ પ્રસન્ન થયા. ઔરંગાબાદમાં પાંચ જિનમંદિરોનાં દર્શન કર્યા.

**ઈલોરાની ગુફાઓ (તા. ૨૭ માર્ચઃ ફાગણ વદ ત્રીજ)**

સવારમાં ઈલોરાની ગૂફાઓ જોવા ગયા...ગૂફા નં. ૩૦ થી ૩૪ જૈન ગૂફાઓ છે, તેમાં બાહુબલીનાથ, પાર્શ્વનાથ વગેરે ભગવંતોના સેંકડો પ્રતિમાઓ ગૂફામાં કોતરેલા છે....તેમજ બીજી પણ ખૂબ કારીગરી છે. પર્વતમાં જ કોતરેલી ભવ્ય અને ઊંડી ગુફાઓ તેમજ

જિનબિંબો જોઈને ગુરુદેવ વગેરે સૌ પ્રસન્ન થયા....ગૂફામાં પ્રાચીન ચિત્રો પણ છે. બીજી પણ અનેક ગૂફાઓ છે; ગૂફાઓ જોયા બાદ પાછા ઔરંગાબાદ આવી ગયા હતા, અને રાત્રે યાત્રાસંઘની સભા ભરાણી હતી.

ફા. વદ ચોથે સવારમાં ઔરંગાબાદથી પ્રસ્થાન કરીને અજંટાની ગૂફાઓનું અવલોકન કર્યું... અહીં ખાસ કરીને બોદ્ધોની જ ગૂફાઓ છે. ગૂફાઓ જોયા બાદ એક માઈલ દૂર વચ્ચે એક મીલના કમ્પાઉન્ડમાં સંઘે ભોજન કર્યું.......ને સાંજે જલગાંવ પહોંચી ગયા.....અહીં એક જિનમંદિર અને બે ગૃહચૈત્ય છે.

**જલગાંવ શહેર ( તા. ૨૯-૩-૫૯ )**

સવારમાં ગુરુદેવ પધારતાં સુંદર સ્વાગત થયું.....સ્વાગતમાં તેમજ સંઘની વ્યવસ્થામાં શહેરના ત્રણે ફિરકાના જૈન ભાઈઓએ સંયુક્ત થઈને ઉત્સાહથી ભાગ લીધો હતો. માંગળિક પ્રવચન બાદ શેઠ જયંતિલાલ અમુલકચંદ દોશીએ સ્વાગત–પ્રવચન કરતાં કહ્યું કે જલગાંવ શહેરમાં ત્રણે ફિરકાના જૈનો ભેગા મળીને પૂ. શ્રી કાનજીસ્વામીનું સ્વાગત કરતાં અમને ઘણો હર્ષ થાય છે અને પૂ. કાનજીસ્વામી અહીં પધાર્યાં તેને અમે જલગાંવનું મહાભાગ્ય સમજીએ છીએ. આ ઉપરાંત શેઠ ભીખમચંદજી જૈન પણ જલગાંવની જનતા તરફથી સ્વાગત–પ્રવચન કરતાં કહ્યું કે સૌરાષ્ટ્રમાં મહાન ધર્મક્રાંતિ કરનાર આધ્યાત્મિક સંત જલગાંવના આંગણે પધાર્યા છે તે જલગાંવની જનતાનું મહાભાગ્ય છે, જલગાંવની જનતા તરફથી હું આપનું સ્વાગત કરું છું. સંઘના સ્વાગતમાં તેમજ પ્રવચનાદિમાં જલગાંવની જનતાએ ઘણો ઉત્સાહ બતાવ્યો હતો. બપોરે પ્રવચન બાદ ભાઈ શ્રી આનંદીલાલભાઈએ ઘણી લાગણીથી ગુરુદેવનો આભાર માનીને ભક્તિભાવના વ્યક્ત કરી હતી. અહીંથી સાંજે પ્રસ્થાન કરીને સંઘ મલકાપુર આવ્યો હતો. મલકાપુરના ભાઈઓએ ઘણા જ વાત્સલ્યપૂર્વક ઉમળકાથી સંઘના સ્વાગતની વ્યવસ્થા કરી હતી.

**મલકાપુર ( તા. ૩૦-૩-૫૯ )**

સવારમાં ગુરુદેવ પધારતાં ‘ જિનશાસનમંડપ ’ માં ગુરુદેવના હાથે ધર્મધ્વજ લહેરાવીને ધ્વજવંદન થયું...ત્યારબાદ ભવ્ય સ્વાગત નીકળ્યું...ત્રણે ફીરકાના જૈનો ઉપરાંત અનેક નગરજનોએ સ્વાગતમાં ભાગ લીધો હતો. સીમંધરદ્વાર, મહાવીરદ્વાર, ચંદ્રનાથદ્વાર, સુમતિનાથદ્વાર, પાર્શ્વનાથદ્વાર, કુંદકુંદદ્વાર, તીર્થભક્તદ્વાર, કાનજીસ્વામીદ્વાર વગેરે અનેક દ્વારોમાંથી પસાર થઈને સ્વાગત સુસજ્જિત જિનમંડપમાં આવ્યું. ગુરુદેવના પ્રવચનાદિ માટે આ ખાસ મંડપ બાંધવામાં આવ્યો હતો. સ્વાગત ઘણું ઉલ્લાસભર્યું હતું, અહીં ગુરુદેવનો લાભ લેવા માટે સેંકડો માઈલ દૂરદૂરથી ઘણા લોકો આવ્યા હતા. બપોરે ગુરુદેવને અભિનંદનપત્ર અર્પણ થયું.

ફાગણ વદ ૭ ની સવારે જિનમંદિરમાં સમૂહપૂજન થયું. અહીં બે જિનમંદિર છે; એક જિનમંદિરમાં મહાવીરપ્રભુના અતિભવ્ય મોટા પ્રતિમાજી બિરાજે છે તે સૌરાષ્ટ્રમાં વીંછીયામાં પૂ. ગુરુદેવના હસ્તે પ્રતિષ્ઠા થઈને અહીં આવેલા છે. અહીં ગુરુદેવના ઉપદેશથી પ્રભાવિત થઈને બે કુમારભાઈઓએ બ્રહ્મચર્યપ્રતિજ્ઞા લેવાની ભાવના બતાવી હતી. આ ઉપરાંત નથુશા, રૂપચંદશા અને નેમિચંદશા એ ત્રણે ભાઈઓએ તેમજ કચરૂશા રામુશાએ ગુરુદેવ પાસે સજોડે બ્રહ્મચર્યપ્રતિજ્ઞા લીધી હતી. જિનશાસનમંડપમાં પૂ. બેનશ્રીબેને ભક્તિ કરાવી હતી. બપોરે એક સમારંભ કરીને અહીંના મહિલાસમાજે પૂ. બેનશ્રીબેન ( ચંપાબેન–શાંતાબેન ) ને અભિનંદનપત્ર આપ્યું હતું. આમ બે દિવસ દરમિયાન ઉલ્લાસપૂર્વક અનેકવિધ કાર્યક્રમો યોજાયા હતા......

**શિરપુરઅંતરીક્ષ પાર્શ્વનાથ**

“ પૂ. શ્રી કાનજીસ્વામી દિ. જૈના તીર્થયાત્રા સંઘ ” ૨૫૦ જેટલા યાત્રિકો સહિત દક્ષિણના તીર્થધામોની યાત્રા કરીને હવે વિદર્ભદેશમાં વિચરી રહ્યો છે. તા. ૧–૪–૫૯ ના રોજ મલકાપુરથી પ્રસ્થાન કરી, વચ્ચે ખામગાંવમાં ચાપાણી પીને સંઘ શિરપુર આવી પહોચ્યો. આકોલા–બાસીમ વગેરે સો–સો માઈલ દૂરથી હજારો માણસો ગુરુદેવનો લાભ લેવા આવ્યા હતા. અહીં એક મંદિરમાં પાર્શ્વનાથ આદિ ભગવંતો બિરાજે છે. ભોંયરામાં પાર્શ્વપ્રભુના પ્રતિમા છે, તેના બે ખુણાનો જરાક ભાગ જમીનને સ્પર્શે છે,–તે ભગવાન ‘ અંતરીક્ષ પાર્શ્વનાથ ’ તરીકે ઓળખાય છે, તેમના દર્શન પૂજન માટે દિંગબર અને

શ્વેતાંબરનો અમુક અમુક ટાઈમનો વારો છે. બપોરે ૧૨ા વાગતાં ગુરુદેવ સાથે ભક્તો દર્શન કરવા આવ્યા અને પૂજન ભક્તિ કર્યાં.

બપોરે પ્રવચનમાં ત્રણ હજાર જેટલા માણસો હતા. આસપાસના ગામોથી ગાડાં જોડી જોડીને હજારો માણસો આવ્યા હતા. પ્રવચન બાદ ગુરુદેવને અભિનંદન પત્રો અપાયા. સોનગઢ પ્રત્યે પ્રેમ ધરાવનાર એક ભાઈએ "પરમ પારિણામિક ભાવની જે" બોલાવી હતી. શિરપુરમાં બીજું એક પ્રાચીન દિગંબર જિનમંદિર છે. ત્યાં દર્શન કરીને સંઘે પ્રસ્થાન કર્યું ને રાત્રે કારંજા પહોંચ્યાં. કારંજા તરફ આવતાં વચ્ચે બાસીમમાં ગુરુદેવનું સ્વાગત કર્યું અને ગુરુદેવે ત્યાંના પ્રાચીન મંદિરોમાં અમીઝરા પાર્શ્વનાથ વગેરેનાં દર્શન કર્યા.

### કારંજા ( તા. ૨-૪-૫૯ )

ફાગણ વદ દસમના મંગલદિને પૂ. ગુરુદેવ કારંજા પધારતાં ભાવભીનું ભવ્ય સ્વાગત થયું. અહીં સ્વાગત વખતે જીપ–મોટરમાં ગુરુદેવનું દૃશ્ય ઘણું શોભતું હતું.

કારંજામાં ૩ દિગંબર જિનમંદિરો છે, ત્રણે મંદિરો સુંદર છે, તેમાં સેંકડો ભાવવાહી ભગવંતો બિરાજે છે. એક મંદિરમાં રત્ન, પન્ના, નીલમ, ગરૂડ–મણિ, સુવર્ણ, ચાંદી, સ્ફટિક વગેરેના પ્રતિમાઓ છે, અને ભોંયરામાં પાર્શ્વનાથાદિ ભગવંતો બિરાજે છે. બીજા મંદિરમાં શાસ્ત્રભંડાર છે. આ ઉપરાંત મહાવીર બ્રહ્મચર્યાશ્રમમાં પણ જિનમંદિર છે, તેમાં મહાવીરાદિ ભગવંતોના મનોજ્ઞ પ્રતિમાઓ બિરાજે છે, તેમજ રત્ન વગેરેના પ્રતિમાઓ તથા ધવલ–જયધવલની હસ્તલિખિત પ્રતોપણ છે. આ બ્રહ્મચર્યાશ્રમમાં ગુરુદેવના સ્વાગતનો સમારોહ થયો હતો અને ગુરુદેવે ત્યાં ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ સમક્ષ ૧૦ મિનિટ પ્રવચન કર્યું હતું. અહીં સંઘની વ્યવસ્થામાં ગુજરાતી ભાઈઓએ પણ ભાગ લીધો હતો. અહીંનો સમાજ સ્વાધ્યાયનો પ્રેમી છે અને ગુરુદેવના પ્રવચનો સાંભળવા માટે ઘણો રસ ધરાવે છે. પ્રવચનમાં ૩–૪ હજાર માણસો થયા હતા. પં. ધન્યકુમારજીએ સ્વાગત–અભિનંદનનું પ્રવચન કર્યું હતું. રાત્રે સમ્યગ્દર્શન વગેરે સંબંધી અધ્યાત્મરસ ભરપૂર તત્ત્વચર્ચા થઈ હતી. ત્યારબાદ મહિલાશ્રમના ચૈત્યાલયમાં શાંતિનાથ પ્રભુની સન્મુખ પૂ. બેનશ્રીબેને સરસ ભક્તિ કરાવી હતી. આજના મંગલદિને ભક્તિ કરતાં ભક્તોને ઘણો આનંદ થતો હતો. માત્ર એક દિવસના કાર્યક્રમમાં કારંજાના સમાજે ઘણા પ્રેમપૂર્વક લાભ લીધો હતો; અને અહીં એક દિવસ વધારે રહેવા માટે ખૂબ આગ્રહ કર્યો હતો, છેવટ એક કલાક વધારે રોકાઈને પણ એક પ્રવચન આપવા વિનંતિ કરી હતી. અહીંના સમાજનો તત્ત્વશ્રવણનો પ્રેમ જોતાં અહીંને માટે એક દિવસ ઓછો ગણાય; પરંતુ આગળના કાર્યક્રમો નક્કી થઈ ગયા હોવાથી રોકાઈ શકાય તેમ ન હતું. અગાસમાં બિરાજમાન શ્રીચંદ્રપ્રભુ ભગવાનના પ્રતિમા આ કારંજાના મંદિરથી આવેલા છે. મહિલાશ્રમમાં પૂ. ગુરુદેવ પધાર્યા હતા અને પાંચ પાંચ વર્ષની નાની બાળાઓએ અધ્યાત્મ ગીતવડે સ્વાગત કર્યું હતું.

### પરતવાડા ( એલચપુર )

ફા. વદ ૧૧ના રોજ સવારમાં પ્રસ્થાન કરીને પરતવાડા ( એલચપુર ) માં શેઠ ગેંદાલાલજી વગેરેના ખાસ આગ્રહથી સંઘ ત્યાં ભોજન માટે રોકાયો; ગુરુદેવનું સુંદર સ્વાગત થયું....શ્યામ થીએટરમાં પ્રવચન થયું, તેમાં બહારગામના સેંકડો માણસો આવ્યા હતા. પ્રવચન બાદ ગુરુદેવ મુક્તાગિરિ પધારતાં પૂ. બેનશ્રીબેન વગેરે ભક્તજનોએ ભાવભીનું સ્વાગત કર્યું અને કેટલાક ભક્તો સાંજે પર્વત ઉપર જઈને સિદ્ધક્ષેત્રનાં દર્શન કરી આવ્યા.

### મુક્તાગિરિ-સિદ્ધક્ષેત્ર

મુક્તાગિરિ રળિયામણું, પ્રાચીન સૌંદર્યથી ભરપૂર સિદ્ધક્ષેત્ર છે, ૩ા કરોડ મુનિવરો અહીંથી સિદ્ધિ પામ્યા છે. રમણીય પર્વત ઉપર ૫૧ જિનાલયો છે; કોઈ કોઈ જિનાલયો તો પર્વતની ગૂફામાં છે...દસ નંબરનું મંદિર પર્વતની વિસ્તૃત ગૂફામાં જ કોતરેલું છે, ચારે તરફ દિવાલોમાં પણ જિનબિંબ કોતરેલા છે, ને વર્ષાઋતુમાં લગભગ ૨૦૦ ફૂટ ઊંચેથી પડતો પાણીનો ધોધ પ્રાકૃતિક સૌંદર્યથી જિનમંદિરને શોભાવે છે. ફાગણ વદ ૧૨ની સવારમાં આવા આ સિદ્ધિધામની યાત્રા ગુરુદેવ સાથે શરૂ થઈ. શરૂઆતના ૧૦ મંદિરો બાદ ૧૧ થી ૨૬ મંદિરો એક વિશાળ ચોકમાં છે. તેમાં એક મંદિરમાં બાહુબલિ ભગવાન ( દસેક ફૂટના ) બિરાજે છે. નં. ૨૫નું મંદિર ખૂબ પ્રાચીન છે ને હાલ તેમાં પાર્શ્વનાથપ્રભુના પ્રાચીન પ્રતિમા બિરાજે છે, તે ઉપરાંત દિવાલોમાં પણ

૨૪ ભગવંતો વગેરે કોતરેલ છે. આ મંદિરમાં બેસીને ગુરુદેવ સાથે સૌએ તીર્થપૂજન (મુક્તાગિરિ સિદ્ધક્ષેત્રનું પૂજન) કર્યું. ૩૧ થી ૩૫ મંદિરો પર્વતની ટોચ ઉપર છે, તેમાં અહીંથી મોક્ષ પામેલા મુનિવરોનાં ચરણપાદુકા વગેરે છે. અહીંનું દ્રશ્ય ઘણું શાંત ને રળિયામણું છે. અહીં દર્શન કરીને ભક્તિ ગાતાં ગાતાં સૌ નીચે ઉતર્યા....કોઈ મંદિરોમાં રત્નત્રય ભગવંતો બિરાજે છે. ૪૮ તથા ૪૯ નંબરના મંદિરો પર્વતની ગુફામાં આવેલાં છે, જાણે કે પર્વત પોતાના હૃદયમાં જિનેશ્વર ભગવાનને સ્થાપીને ધ્યાવતો હોય તેમ એ ગુફામાં ૮ ફૂટ ઉન્નત પ્રાચીન ભગવંતો બિરાજે છે. તે પ્રભુજી પાસે જવા માટે લાંબી-ઊંડી ગુફામાંથી પસાર થવું પડે છે....ત્યાંથી પસાર થતી વખતે સંસારનું વાતાવરણ તદ્દન ભૂલાઈ જાય છે....માત્ર એક ભગવાનનું જ ધ્યાન રહે છે.....ને થોડી જ વારમાં ભગવાનનો સાક્ષાત્કાર થતાં ભક્તહૃદય પ્રફુલ્લિત અને આનંદિત થઈને ઘડીભર ત્યાં જ થંભી જાય છે. જિનેન્દ્રદર્શન માટે ગુરુદેવ સાથે ગુફાવિહાર કરતાં ભક્તોને આનંદ થયો....ને જ્યારે ગુરુદેવના પ્રતાપે ભગવાનને નીહળ્યા ત્યારે મુમુક્ષુ હૃદયમાંથી એવી ભાવનાના ભણકાર ઉઠયા કે

“હે જિનવર! તુજ ચરણકમળના
ભ્રમર શ્રી કહાન પ્રતાપે,
‘જિન’ પામ્યો..... ‘નિજ’ પામું અહો,
મુજ કાજ પૂરા સહુ થાય”

ગૂફાના મંદિરોમાં ૨૪ ભગવંતો વગેરેનાં દર્શન કરતાં પણ આનંદ થયો.....ત્યારબાદ બહાર આવીને મંદિરના ચોકમાં સૌ બેઠા......ને ગુરુદેવે યાત્રા સંબંધી પ્રસન્નતા વ્યક્ત કરી...પૂ. બેનશ્રીબેને થોડીવાર મુનિવરોની ભક્તિ કરાવી.

સાઢે તીન ક્રોડ મુનિ મુક્તાગીરમેં
જાકે રાગદ્વેષ નહીં મનમેં......
ઐસે મુનિ કો મૈં નિતપ્રતિ ધ્યાવું......
એ જી દેત ઢોક ચરણનમેં......

આ પ્રમાણે આનંદ-ઉલ્લાસપૂર્વક જાત્રા-પૂજા-ભક્તિ કરીને મંગળગીત ગાતાં ગાતાં સૌ નીચે આવ્યા...

મુક્તાગીરી મુક્તિધામથી
મુક્તિ પ્રાપ્ત સંતોને નમસ્કાર હો....
મુક્તાગીરીની મંગલયાત્રા કરાવનાર
ગુરુદેવને નમસ્કાર હો...........

મુક્તાગીરીમાં ભોજનાદિની વ્યવસ્થા અમરાવતીના શેઠ નથુસાબ પાસુશાબ (-જેઓ આ ક્ષેત્રના અધ્યક્ષ છે) તેમના તરફથી કરવામાં આવી હતી.

પર્વતની તળેટીમાં જ વિશાળ ધર્મશાળા છે ને તેમાં વિશાળ જિનાલય છે. તેમાં વચ્ચે રજત-સુવર્ણના ભવ્ય સિંહાસનમાં આદિનાથ પ્રભુ શોભી રહ્યા છે....ત્યાં ઘણા ઉલ્લાસપૂર્વક ભક્તિ થઈ હતી...મુક્તાગિરિની યાત્રા પછી ભાવભીની ભક્તિ કરતાં ભક્તોને આનંદ થતો હતો.

મૈં તેરે ઢીગ આયા રે....મુનિવર કે ઢીગ આયા....
મૈં તેરે ઢીગ આયા રે...સિદ્ધપ્રભુ ઢીગ આયા....
મૈં તેરે ઢીગ આયા રે....મુક્તાગિરિધામ આયા.....
મૈં તેરે ઢીગ આયા રે.....ગુરુવર કે સાથ આયા.....
ગુરુવર કે સાથ આયા રે...મૈં મુક્તાગિરિમેં આયા..

ઇત્યાદિ પ્રકારે અંતરભાવો ખોલીખોલીને પૂ. બેનશ્રીબેન ભક્તિ કરાવતા હતા. ઘણા આનંદથી સુંદર ભક્તિ થઈ હતી; ત્યારબાદ પ્રવચનદ્વારા ગુરુદેવે મુક્તાગીરી ધામમાં મુક્તિનો માર્ગ દેખાડયો હતો.

પ્રવચન બાદ ઉત્સાહી કાર્યકર ભાઈશ્રી બાબુરાવજીએ શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં કહ્યું કે: આ કાળમાં આવા અધ્યાત્મતત્ત્વનું નિરૂપણ કરનાર સંતને, આવાં મુક્તિધામમાં દેખીને અમે અમારું અહોભાગ્ય સમજીએ છીએ. હું સોનગઢ આવ્યો ત્યારે મને થયું કે અહીં ચતુર્થકાળ વર્તે છે... ચતુર્થકાલમાં સમોસરણ હતું, મેં પણ સોનગઢમાં સમોસરણ દેખ્યું....સમોસરણમેં દિવ્યધ્વનિ હોતી હૈ, વહાં પર ભી મૈંને વોહી ભગવાન કી દિવ્ય ધ્વનિકા સાર ગુરુદેવકે મુખસે સુના...હવે હું એક સ્તુતિકે દ્વારા સોનગઢ પ્રત્યેના અને ગુરુદેવ પ્રત્યેના મારા ભક્તિભાવ વ્યક્ત કરું છું-આમ કહીને તેમણે “જય ગુરુદેવ....શ્રી કહાન ગુરુદેવ” ઇત્યાદિ કાવ્ય ગાયું હતું.

ત્યારબાદ ક્ષેત્રની વ્યવસ્થા કમિટી તરફથી આભાર પ્રદર્શન કરતાં કહ્યું કેઃ પૂ. શ્રી કાનજીસ્વામી મુક્તાગીરી પધારી રહ્યા છે એ સાંભળીને અમે પાંચ માસથી ચાતકની જેમ રાહ જોતા હતા....આજે તેમના દર્શન પામીને અમે ધન્ય થયા છીએ...તેઓએ સ્વાનુભૂતિનો ઉપદેશ સમજાવીને ભવભવના રોગીને દવા આપી છે....તેઓશ્રી ફરીને પણ આ તીર્થક્ષેત્રમાં પધારીને અમને દર્શન આપે–એવી પ્રાર્થના છે....

ગુરુદેવનો લાભ લેવા માટે આસપાસના અનેક ગામોથી સેંકડો માણસો અહીં આવ્યા હતા. હીવરખેડના શેઠ શ્રી શાંતિજી બંડ જૈન પણ ઉલ્લાસભર્યા સ્વાગત–પ્રવચનદ્વારા ગુરુદેવનું ભાવભીનું સન્માન કર્યું હતું.

અહીંથી પ્રસ્થાન કરીને ગુરુદેવ પરતવાડા રોકાયા હતા...મુક્તાગીરી રાત્રે સુંદર ભક્તિ થઈ હતી....સિદ્ધિધામમાં સાધકસંતોના ભાવ સહેજે ઉલ્લસી જતા હતા–

ગુરુદેવ સાથે યાત્રા આજ...
વાહ વા જી...વાહ વાહ!
સિદ્ધપ્રભુજી દેખ્યા આજ...
વાહ વા જી...વાહ વાહ!
સિદ્ધપ્રભુ પાસે આવ્યા આજ....
વાહ વા જી...વાહ વાહ!
સિદ્ધપદને પાયા આજ......
વાહ વા જી...વાહ વાહ!

આવી ઉલ્લાસભરી ભક્તિ થતી હતી, અને,–

આજ હમ ગુરુદેવ તુમ્હારી સાથે આયે.....
આજ હમ મુનિરાજ તુમ્હારી પાસે આયે....
આજ હમ સિદ્ધપ્રભુજી તુમ્હારી પાસે આયે.......

ઇત્યાદિ પ્રકારે પૂ. બેનશ્રીબેન પોતાનો યાત્રા સંબંધી ઉલ્લાસ અને ભાવના વ્યક્ત કરતા હતા.

**અમરાવતી થઈને નાગપુર તરફ**

ફાગણ વદ ૧૩ ની સવારમાં સિદ્ધિધામના દર્શન કરીને સંઘે અમરાવતી પ્રસ્થાન કર્યું...વચ્ચે ભાતકુલી ગામે પધારીને ગુરુદેવે આદિનાથ વગેરે પ્રાચીન જિનબિંબોના દર્શન કર્યા. અમરાવતીમાં દિ. જૈન સમાજે તેમજ ગુજરાતી ભાઈઓએ ઉત્સાહથી ગુરુદેવનું સ્વાગત કર્યું. અહીં પાંચ જિનમંદિરો છે. મંદિરોના દર્શન તથા ભોજનાદિ બાદ સાંજે સંઘે નાગપુર તરફ પ્રસ્થાન કર્યું....લાંબી મુસાફરીમાં પૂ. બેનશ્રીબેન કોઈવાર બસમાં બેસે ત્યારે અદ્ભુત આત્મસ્પર્શી ભક્તિ કરાવતા હતા.....અને ભક્તો ભક્તિમાં એવા તલ્લીન બની જતા કે 'બસમાં બેઠા છીએ' એ ભૂલી જતા...ને જાણે કે ભગવાનની પાસે જ બેઠા છીએ–એમ ભક્તિના આનંદમાં લયલીન બની જતાં....ભક્તિ કરતાં કરતાં અનેક માઈલોનો લાંબો પ્રવાસ ક્યારે પૂરો થઈ જતો–તેની પણ ખબર પડતી ન હતી. આમ ભક્તિ વગેરે દ્વારા પૂ. બેનશ્રીબેન સૌ બાળકોને આનંદ કરાવતા હતા..

અત્યારે આપણો યાત્રાસંઘ અમરાવતીથી નાગપુર તરફ જઈ રહ્યો છે...પૂ. બેનશ્રીબેન પણ સાથે જ છે. વિધવિધ ભક્તિના નાદથી ગાજતી મોટર બસો દોડી જાય છે.....પણ વચ્ચે બજારગાંવ આવતાં રાત્રે નવ વાગે બધી મોટર બસો એકાએક થંભી ગઈ...શા માટે! તે હવે પછીના લેખમાં કહેશું.

# ઉ....પ....દે....શ....અ....મૃ....ત

(૧) ભેદજ્ઞાનનું કાર્ય એ છે કે ચૈતન્ય સ્વભાવમાં પ્રવર્તે અને વિકારથી નિવર્તે; જો વિકારથી નિવૃત્ત ન થાય એટલે કે તેનાથી પાછો વળીને સ્વભાવ તરફ ન વળે તો તે જીવને સ્વભાવ અને વિકારનું ભેદજ્ઞાન થયું જ નથી.

(૨) જીવ પંડિતાઈથી શાસ્ત્રો ભણ્યો પરંતુ સ્વભાવ અને વિભાવ વચ્ચેનું યથાર્થ ભેદજ્ઞાન તેણે કદી ક્ષણ પણ પ્રગટ કર્યું નથી. ભેદજ્ઞાન થતાં તો આત્માની પરિણતિ વિકારથી વિમુખ થઈને સ્વભાવની સન્મુખ થઈ જાય.

(૩) અરે, આ તો જેને ચારે ગતિના ભ્રમણના દુઃખથી ત્રાસ લાગતો હોય ને આત્મા સમજવાની ગરજ થઈ હોય એવા જીવોને માટે વાત છે. જેને ભવનો ત્રાસ લાગ્યો હોય ને ચૈતન્યની શાંતિ માટે ઝંખના જાગી હોય એવા આત્માર્થી જીવને સમજાય એવી આ વાત છે.

(૪) હજી તો જેને પુણ્યમાં અને તેના ફળમાં સુખ ભાસતું હોય, જગતના બહારના કાર્યો મારાથી થાય છે. એવી બુદ્ધિ પોષાતી હોય, તે જીવને અંતર સ્વભાવની આ વાત ક્યાંથી ગળે ઊતરે? પણ અંતરમાં આ સમજ્યા વગર ભવભ્રમણના ત્રાસથી ક્યાંય છૂટકારો થાય એમ નથી.

(૫) ભાઈ, અંતરમાં આત્માનો મહિમા લાવીને, રુચિથી આ વાત સમજવા જેવી છે. આવું મનુષ્ય જીવન કાંઈ વારંવાર મળતું નથી; આવા મનુષ્ય જીવનમાં પણ જો આત્માના હિતની દરકાર ન કરી તો અવતાર પૂરો થતાં ક્યાં તારા ઉતારા થશે? અંતરમાં આત્માના સ્વભાવની સમજણ વગર જીવને બહારમાં ક્યાંય કોઈ શરણરૂપ થાય તેમ નથી.

(૬) આવા મનુષ્ય અવતારમાં આત્માની દરકાર કરવી જોઈએ કે અરે! મારો આત્મા આ સંસારના જન્મમરણથી કેમ છૂટે! .....આત્માની સમજણનો એવો યથાર્થ ઉપાય કરું કે જેથી અલ્પકાળમાં મારો આત્મા આ જન્મમરણથી છૂટીને મુક્તિ પામે.

(૭) અંતરમાં આત્માની ખરેખરી જિજ્ઞાસા પ્રગટ કરીને જે સમજવા માંગે તેને યથાર્થ સમજણ અને સમ્યગ્દર્શન થયા વગર રહે નહીં.

(૮) એક વાર પણ સમ્યગ્દર્શનરૂપી છીણીવડે જેણે મોહ ગ્રંથીને ભેદી નાંખી તેના સંસારનું મૂળિયું છેદાઈ ગયું, ને મોક્ષનાં બીજ તેના આત્મામાં રોપાઈ ગયા.

(૯) જેમ મૂળિયું છેદાતાં ઝાડનાં ડાળ-પાન પણ અલ્પકાળમાં સુકાઈ જાય છે તેમ સમ્યગ્દર્શનવડે સંસારનું મૂળિયું છેદાઈ જતાં અલ્પકાળમાં જ રાગાદિનો સર્વથા અભાવ થઈને જીવ મુક્તિ પામે છે.

(૧૦) આ રીતે સમ્યગ્દર્શનવડે જ જીવ બંધનથી છૂટીને મુક્તિ પામે છે. માટે સમ્યગ્દર્શન જ મોક્ષનો મૂળ ઉપાય છે-એમ જાણીને મોક્ષાર્થી જીવોએ તેનો પ્રયત્ન કરવા જેવો છે.



## ખેરાગઢ ( મધ્ય પ્રદેશ ) માં

# જિનબિંબ વેદીપ્રતિષ્ઠા મહોત્સવ

દક્ષિણના તીર્થધામોની યાત્રા કરીને મધ્ય પ્રદેશના તીર્થોની યાત્રાએ જતાં જતાં પૂ. ગુરુદેવ તા. ૮-૪-૫૯ ના રોજ ખેરાગઢ ગામમાં પધાર્યા...ખેરાગઢના ભાઈશ્રી દુલીચંદજી ખેમરાજજી તથા ભાઈશ્રી ખેમરાજજી કપુરચંદજીની ખાસ આગ્રહભરી વિનંતિથી ૩૦૦ માઈલ જેટલો વધુ પ્રવાસ કરીને પૂ. ગુરુદેવ સંઘ સહિત ખેરાગઢ પધાર્યા.......ગુરુદેવ પધારતાં નગરીને શણગારીને ઉલ્લાસભર્યું સ્વાગત કર્યું.

ખેરાગઢમાં ઉપરોક્ત બંને ભાઈઓ તથા શેઠ કંવરલાલજી અને ઘેવરચંદજી તરફથી લગભગ ૧૫૦૦૦ ) રૂા. ના ખર્ચે એક રળિયામણું દિ. જિનમંદિર બંધાવ્યું છે. પહેલાં ખેરાગઢમાં દિ. જિનમંદિર ખેરાગઢમાં દિ. જૈનમંદિર કે દિ. જૈનોની વસતી ન હતી, પરંતુ પૂ. ગુરુદેવના હિતકર ઉપદેશના પ્રભાવે ઉપરોક્ત ભાઈઓએ દિગંબર જૈનધર્મ સ્વીકારીને ઉત્સાહપૂર્વક ખેરાગઢમાં દિ. જિનમંદિર બંધાવ્યું અને પૂ. ગુરુદેવ ખેરાગઢ પધારતાં તેઓશ્રીની મંગલવર્દ્ધિની છાયામાં આ જિનમંદિરમાં શાંતિનાથ ભગવાનની વેદીપ્રતિષ્ઠાનો ઉત્સવ ઊજવાયો...

ચૈત્ર સુદ એકમ ( તા. ૮ ) ના રોજ ભક્તિ બાદ પ્રતિષ્ઠા-મંડપની સન્મુખ ગુરુદેવના સુહસ્તે જૈન ધર્મધ્વજનું આરોહણ થયું. બીજી ચૈત્ર સુદ એકમના રોજ સવારમાં ઇંદ્રપ્રતિષ્ઠા, યાગમંડલવિધાન વગેરે વિધિઓ થઈ હતી.....પૂ. ગુરુદેવના પ્રવચન બાદ બે કુમારિકા બહેનોને બ્રહ્મચર્યપ્રતિજ્ઞા અંગીકાર કરી હતી...ત્યાર બાદ શ્રી જિનમંદિરમાં વેદી વગેરેની શુદ્ધિની ક્રિયા થઈ હતી....ઇંદ્ર-ઇંદ્રાણીઓ અને કુમારિકા બહેનોના હસ્તે વેદી શુદ્ધિ થઈ હતી, તે ઉપરાંત યંત્રસ્થાપન, સ્વસ્તિક વગેરે વિધિઓ પૂ. બેનશ્રી બેનના મંગળ હસ્તે થઈ હતી.....બપોરે ૧૨ા વાગે પૂ. ગુરુદેવના મંગલ હસ્તે ભગવાનશ્રી શાંતિનાથ પ્રભુને જિનમંદિરની વેદી ઉપર સ્થાપન કર્યા હતા....ગુરુદેવના હસ્તે જિનેન્દ્રદેવની મહામંગલ સ્થાપનાનું ભાવભીનું દૃશ્ય દેખીને ભક્તોને ઘણો આનંદ થતો હતો..... જિનેન્દ્ર ભગવંતોની પ્રતિષ્ઠાના અનેક મંગલકારી કાર્યો પૂ. ગુરુદેવના સુહસ્તે થઈ રહ્યા છે... સૌરાષ્ટ્રથી હજાર-હજાર માઈલ કરતાંય વધારે દૂર આવેલા નગરમાં પણ ગુરુદેવના પ્રતાપે દિગંબર જિનમંદિર અને વેદીપ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાયો, એ હર્ષનો વિષય છે. ભગવાનની વેદીપ્રતિષ્ઠા ઘણા જ ઉત્સાહ થી થઈ હતી. માત્ર એક જ દિવસમાં પણ અનેકવિધ કાર્યક્રમોથી પ્રતિષ્ઠા ઉત્સવ ખૂબ જ શોભી ઊઠયો હતો.

આ પ્રસંગે યાત્રાસંઘના ૨૫૦ માણસો ઉપરાંત ડુંગરગઢથી સ્પેશ્યલ બસમાં શેઠશ્રી ભાગચંદજી વગેરે અનેક માણસો આવ્યા હતા, આસપાસના ગામોથી અનેક માણસો આવ્યા હતા, તેમજ ગામની જનતાએ પણ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. બપોરે શાંતિયજ્ઞ બાદ ખેરાગઢરાજના જૈન સમાજે ગુરુદેવને અભિનંદનપત્ર આપ્યું અને પ્રવચન બાદ શ્રી જિનેન્દ્ર ભગવાનની રથયાત્રા નીકળી હતી. આ રીતે માત્ર એકજ દિવસમાં પણ પૂ. ગુરુદેવની ઉપસ્થિતમાં ઘણા ઉત્સાહપૂર્વક ભગવાનની વેદીપ્રતિષ્ઠાનો ઉત્સવ ઊજવાયો હતો. આ રીતે જિનમંદિર બંધાવીને પોતાના આંગણે શ્રી જિનેન્દ્ર ભગવાનની પધરામણી કરાવવા બદલ ઉભય ખેમરાજજી શેઠ તેમજ ખેરાગઢના સૌ મુમુક્ષુઓને ધન્યવાદ ઘટે છે.

## ખેરાગઢમાં બે કુમારિકા બહેનોએ અંગીકાર કરેલી

# બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા

ખેરાગઢ નગરમાં ચૈત્રસુદ એકમના રોજ શ્રી શાંતિનાથ ભગવાનની વેદીપ્રષ્ઠિાનો મહોત્સવ થયો ને પૂ. ગુરુદેવ પોતાના આંગણે પધાર્યા. આ મંગલ પ્રસંગે નીચેની બે કુમારિકા બહેનોએ પૂ. ગુરુદેવ પાસે આજીવન બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા અંગીકાર કરી હતી–

( ૧ ) **તારાબેન** ( શેઠ ખેમરાજજીની સુપુત્રી, ઉમર વર્ષ ૧૮ )

( ૨ ) **જમનાબેન** ( શેઠ ઘેવરચંદજીની સુપુત્રી, ઉમર વર્ષ ૧૭ )

ઉપરની બંને બહેનો બાલબ્રહ્મચારી છે, અને છેલ્લા પાંચેક વર્ષથી સોનગઢમાં પૂ. બેનશ્રીબેનની મંગલ છાયામાં રહીને તત્ત્વનો અભ્યાસ કરે છે; તેઓ તત્ત્વના જિજ્ઞાસુ અને વૈરાગ્યવંત છે. લગભગ અઢી વર્ષ પહેલાં જ્યારે સોનગઢમાં ૧૪ બહેનોએ બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા લીધી ત્યારે તેઓની સાથે બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા લેવાની આ બંને બહેનોની પણ ભાવના હતી. બંનેના વડીલો અને કુંટુંબીજનોએ હર્ષપૂર્વક તેમને આ કાર્ય માટે અનુમતિ આપી છે. નાની ઉમરમાં આત્મહિતની ભાવનાથી આવું કાર્ય કરવા બદલ તે બંને બહેનોને ધન્યવાદ ઘટે છે. બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા લેનાર બંને બહેનો સોનગઢમાં જ રહે છે. આ રીતે ગુરુદેવની મહામંગલ શીતળ છાયામાં હજારો માઈલ દૂર દૂરથી પણ પોતાનો દેશ છોડીને અનેક જિજ્ઞાસુઓ આવે છે...ખરેખર, ગુરુદેવ આ કળિયુગનું કલ્પવૃક્ષ છે.... કે જેની શીતળ છાયામાં મુમુક્ષુઓને પોતાની ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત થાય છે. બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા લેનારી બંને બહેનો સત્સમાગમે પોતાના જીવનધ્યેયમાં આગળ વધે ને સંતોની છાયામાં પોતાનું આત્મહિત સાધે–એવી ભાવનાપૂર્વક તેમને અભિનંદન !

## आदरणीय अध्यात्मप्रेमी श्री कानजीस्वामी की सेवा में
## सादर समर्पित

# अभिनन्दन-पत्र

आज परम पुनीत मंगलभय शुभ वेला में शुभ वेदी-प्रतिष्ठा प्रसंग पर महान् योगी आध्यात्मिक संत श्री कानजीस्वामी को हम अपने बीच में पाकर अपने को धन्य मान रहे हैं।

धर्म प्रचारक!

आपने यात्रा प्रसंग को लेकर इस वंसुधरा पर विहार करके भव्य जीवों को सन्मार्ग पर लगाने का जो प्रयत्न किया है वह आदरणीय है।

स्वस्वरूपरमण

आपने एक वह महान् विशाल दृष्टि पाई है जिसमें परनिरपेक्षता के साथ ही साथ स्वात्मबोध जागृत होता है। जिसमें सच्चे सुख की अनुभूति प्रतिबिंबित होती है।

सच्चे साधक!

आप एक उस साधना में लगे हुये हैं जिसके बल पर यह अत्यन्त परिभ्रमण संसार छूट कर सच्चे साध्य की सिद्धि होती हैं। विरले प्राणी इस साधना को समझते हैं जिसको आपने अपने सतत प्रयत्न से प्राप्त किया है।

वीतराग उपासक!

हम देखते हैं कि जगत सरागी है और राबगर्द्धक तत्त्वों को लेकर उन्हीं की उपासना करता हुआ रागमें फसता जाता है किन्तु आपने अपने स्वानुभवन से उस परम वीतराग तत्त्व को देखा है एवं उसीका रसास्वादन किया है जिसमें सच्चे सुख की झलक है।

सच्चें उपदेशक!

आपका दिव्य उपदेश हम भव्य जीवों को अमृत पान का काम करता हैं। जब आप दु:ख और उनके कारण एवं सुख और उनके कारणों का निरूपण करते है तब भोली जनता स्वयं अपने गन्तव्य मार्ग का निर्णय कर लेती है और सच्चे पथ का पथिक बन जाती हैं।

महानुभाव!

हम अल्पज्ञ किन शब्दों में आपके गुणों का वर्णन करें। फिर भी सूर्य जैसे महान् तेजस्वी प्रतापी होने पर क्या दीपक से पूज्य नहीं होता।

आपने हमारे इस प्रान्त में भ्रमण करके जो इस वसुंधरा को अपने चरणों से पवित्र किया है और मार्गजन्य अनेक कष्टों को सहन करके हम लोगों को अपना शुभ दर्शन दिया है हम एतदर्थ अत्यन्त आभारी हैं।

आपकी इन्हीं सब विशेषताओं से आकृष्ट होकर अभिनन्दन करते हुये हम लोग आनंद विभोर हो रहे हैं।

खैरागढ हम हैं — आपके स्नेहीं:-

दिनांक चैत्र शुद एकम — सकल दिंगबर जैन समाज

ता। ९-४-५९ — खैरागढराज

।। श्रीजिनाय नम:।।

श्रीशैलपुरम तथा मुनिगिरि गांव के निवासीयों द्वारा

श्री कानजीस्वामी तथा उनके

यात्रासंघ के स्वागतार्थ समर्पित

# स्वागत पत्रिका

मान्यवर!

आज जिस श्रीशैलपुरं तथा मुनिगिरि क्षेत्र का दर्शन कर रहें है इसकी महत्ता नाम से ही विदित हो जाती है। यानी पहाडों से धिरा हुआ क्षेत्र मुनियों के लिए निवासस्थान माना जाता है। अलावा इसके एक ऐतिहासिक घटना भी प्रसिद्ध है। यहाँ से थोडी दूर पर अविडदांगी नामक एक गाँव है जहाँ पर हिमशीतल राजा राज्य करता था। इसी राजा की सभा में परमपूज्य श्री अकलंकदेवने बौद्धों को बाद में हराया था। इस बीच में एक बार मुनिगिरि में प्रसिद्ध कृष्मांडिनी देवी का दर्शन कर जाने के बाद बाद में उनकी जीत हुई आदि। जिसकी यादगारी में मन्दिर के पूरब की दीवार पर श्री अकलंकदेवका चरण चिह्न भी अंकित हैं। इसका तथ्य अकलंक स्तोत्र के राज्ञ: श्रीहिमशीतलस्य सदसि प्रायो विदग्धात्मनां, बौद्धधानिसकलान् विजित्य सघट; पादेन विस्पालित: आदि पंक्ति से विदित हो जाता है।

ऐसे पवित्र क्षेंत्र में आपको स्वागत करते हुए हम प्रफुल्ल्ति होते है। हमारा विश्वास है कि आप का यह आगमन उत्तर भारतीय यात्रिकों के लिये मार्गदर्शक बनेगा। अन्त में आपसे प्रार्थना है कि इस प्रकार बार-बार पधार कर क्षेत्र का उद्धार करें।

ता। १४-३-१९५९ — आपके आगमन से प्रफुल्लित

श्रीशैलपुंर तथा मुनिगिरि

निवासी समस्त श्रावक श्राविकायें

।। श्रीजिनाय नमः।।

श्री कानजीस्वामी तथा उनके यात्रा संघ का शानदार

# ❄ स्वागत ❄

दक्षिण भारत में जैन धर्म, राजा, महाराजा तथा आम जनता के आश्रय से ई पू. पहली शताब्दी से १२ वी शताब्दी तक उन्नत दशा में था। उस समय आज जिस पुण्यक्षेत्र "तिरुप्परुत्तिकुन्नम" का दर्शन कर रहे हैं जिनकंची के नाम से प्रसिद्ध था। यह दिगम्बर जैन धर्म के महान आचार्यप्रवर श्री कुंदकुंद, समन्तभद्र, चन्द्रकीर्ति, वामनाचार्य, मल्लिषेणाचार्य, और पुष्पसेनाचार्य आदि आचार्यों के तथा मठाधीशों का निवास्थान बना हुआ था। यहीं से धर्मप्रचार तथा महान्ग्रंथों की रचना भी होती थी।

यहां यादगार के रूप में स्थित चार कमरे जो कि त्रैलोक्यनाथ स्वामी के मन्दिर में है यह बताता है कि अन्तिम के चार आचार्य तपस्या कर यही से मोक्ष गये है। यह सब से आश्चर्य की बात है कि यहां "कोरा" नामक एक पेड है जो कि समीप काल तक सूखा हुआ था, आज फिर हराभरा हो गया है। मानो यह आप के जैसे पुण्यवानों का शुभागमन का ही सूचक है।

इतिहास से यह विदित होता है कि यहां का श्री चन्द्रप्रभस्वामी मन्दिर ई. पू. ८ वीं शताब्दी में और त्रैलोक्यनाथ स्वामी का मन्दिर १२ वीं शताब्दी में बनवाया गया है। अलावा इसके यहां जो संगीत मण्डप है वह १४ वी शताब्दी के विजयनगर साम्राज्य चक्रवर्ती के सेनापति और श्री पुष्पसेनाचार्य के शिष्य "इरुगप्पर" नामक व्यक्ति से बनाया गया है। इस मण्डप के भगवान ऋषमदेव की जीवनी के रंगीन चित्र अजन्ता चित्रों से कम नहीं है।

ऐसे स्वदेशी और विदेशी यात्रियों की आह्लाद एवं आश्चर्यप्रदान करनेवाला यह मन्दिर दयनीय दशा में है। इसके लिये दिये गये कई गांव मुगल शासन के पहले ही हाथ से चले गये अंग्रेजो के शासनकाल में इसके लिये "अरकाड नवाब" से दी गयो ३०० एकड भूमि कायम कर दी गयी। लेकिन अफसोस की बात है मेरे पूर्व के ट्रस्टियों की उदासीनता के कारण नष्ट-भष्ट होकर अब केवल ६ एकड भूमि ही बची है। यही कारण है यहां कई धर्मकाय बन्द हो गये है।

इस दयनीय स्थिति में मद्रास सरकार सन १९६४ में देख देख का भार अपने उपर लेकर २५-४-१९५५ से मुझे ट्रस्टी बनायी है। तब से ब्रह्मोत्सव के सिवाय अन्य धर्मकार्यो को बडी मुश्किल से चलाता आ रहा हूँ। इसकी सालाना आमदनी केवल ५५४ रू. है। इस से मरम्मत आदि काम तो दूर रहा नित्यक्रिया के काम भी मुश्किल से चलते है। इसे कहने की आवश्यकता ही नहीं होती।

ऐसी दयनीय स्थिति में कई दि. जैन मन्दिर मद्रास प्रांत में है जिसकी रक्षा परमावश्यक है। अत: आप से निवेदन है कि उत्तर के धनाढय भाईयों को इस ओर आकर्षित कर सुरक्षित करेंगे। अलावा इसके आपके आगमन से यह यात्रास्थल बनेगा इसमें शक नहीं है। क्योंकि करीब सात शताब्दी से इतनी बडी संख्या में दर्शन करने का उल्लेख इतिहास मैं भी नहीं मिलता। अत: आप का यह शुभागमन हमारे लिये अहोभाग्य है। ता १४-३-१९५६

विनीत भक्त-अप्पाण्डैराज जैन

रिटैयड पोलीस सुप्रेडेण्डेण्ट,

ट्रस्टी त्रलोक्यनाथ स्वामी मन्दिर

तिरुप्परुत्तिकुन्नम, कांचीवरम [ बैगलपट्ट जिला ]

।। श्री शांतिनाथाय नम:।।

सौराष्ट्र के संत आत्मार्थी सत्पुरुष श्री पूज्य कानजीस्वामी की

सेवामें सादर समर्पित

# मानपत्र

श्रद्धेय स्वामीजी

मलकापूर के निवासियों का यह परम सौभाग्य है कि जिस महान विभूति के दर्शन की प्रतिक्षा वे वर्षोंसे कर रहे थे, वह चिरकांक्षित अभिलाषा आज आपके साक्षात्कार से सफल हुई। सरोजिनी जैसे सूर्य को, मयूरी जैसे मेघ को तथा चकोरी जैसे चन्द्र को देखकर प्रफुल्लित होती है उसी प्रकार यहां की जनता आपका दर्शन पाकर आनंद विभोर हो रही है। आपकी आत्मकल्याणकारी अमृतमयी वाणी का हम लोगोने रसास्वादन किया है जिससे हमारे अंतरंग में आकुलता की कमी होकर शांति लाभ हुवा है।

आत्म धर्मप्रणेता

तिल मात्र सुखाभास तथा पहाड जैसे अनंत दू:खमय इस संसार की गति का अवलोकन कर आप उस मार्ग की खोजमें निकले जिससे जन्म जन्मांतरों से अकुलाई हुई इस आत्मा को शाश्वत शांति का मार्ग मिले। आपने अपनी विलक्षण सूक्ष्मं द्दष्टि से ज्ञानसागर का मंथन किया जिसके फलस्वरूप आत्मतत्त्व का नवनीत आपने प्राप्त किया। इस उच्चतम तत्त्व के रहस्य को आपने लोककल्याण हेतु सब पर प्रगट किया तथा आत्मधर्म के नेता बन आत्मार्थी जनों का पथ प्रदर्शन किया है। इस प्रकार आपने अध्यात्मवादियों की श्रेणीमें आदरणीय स्थान प्राप्त किया है। विज्ञान के चरम उत्कर्ष के इस युगमें आपने जो चमत्कार दिखाया है वह महान है, क्योंकि वह चमत्कार किसी भौतिक पदार्थ का नहीं, किन्तु आत्मा

की अनुभूति का है। आत्मानुभूति के उस पवित्र आदर्श से प्रेरित होकर कोटि कोटि आत्माएं, आपसे प्रकाश एवं पथ-प्रदर्शन प्राप्त कर अपना जीवन सफल कर रही हैं।

आपने सांसारिक वैभव की अतृप्त तृष्णाकि मृगमरीचिका को जानकर इन्द्रियों का दमन कर ब्रह्मचर्य का पालन करते हुवे कठोर तपस्या की है। अपनी तरुणाई का उपयोग आपने स्वाध्याय तप की सिद्धि में लगाया तथा श्रीमद् कुंदकुंद स्वामी इत्यादि आचार्यों द्वारा प्रणीत अनुपम ग्रंथरत्न समयसार, प्रवचनसार आदि महान ग्रंथो का अध्ययन कर अंतर्दृष्टि प्राप्त की है। आप पर अनेक उपसर्ग आये परंतु आपके दृढ संकल्प को उससे कोई आंच न आई तथा आप अग्रसर ही रहे। आपके साधना स्थल सोनगढ में जिस वीतरागप्रणीत निर्गंथ मार्ग पर दृढ श्रद्धा रख आप रत्नत्रय की जो आराधना कर रहे हैं उससे सारे सौराष्ट्र में जैन धर्म की अभूतपूर्व प्रभावना हुई है। आपके ही कारण सोनगढ आज तीर्थस्थल बन गया है। आपके असीम साहस तथा एकनिष्ठ दृढता से अनेकों को प्रेरणा मिली तथा उन्होंने आपके इस क्रातिमें जीवनदान दिये है।

अध्यात्म योगिन्

मोह और ममता के पंकमे निमग्न मानवसमूह का हित बाह्य जगत की चमकदमक से हटकर अंतर्मुखी बननेमें ही है। आपके अतिशय प्रभावक आध्यात्मिक प्रवचनों द्वारा आप जिस कौशल से सरल भाषा में चिर गूढ आत्मतत्त्व का शुद्ध स्वाभाविक चित्र श्रोताओं पर प्रकट करते हैं उससे मानव को आत्मदर्शन की प्रेरणा मिलती है। जहां जहां आपका प्रवचन होता है वहां अध्यात्मवाद का सूर्य प्रकट होता है जिससे सारे विकल्पों के अंधकार का नाश होकर जनता में आत्मज्ञान की पिपासा जागृत होती है। आपके प्रवचन जैन साहित्य की अनमोल निधि है जो आत्मार्थी जनों के लिए सदैव मार्गदर्शक बने रहेगे। आपके द्वारा की गई भारतीय संस्कृति एवं आत्मधर्म की महान सेवा भारत के धार्मिक इतिहास में चिरस्मरणीय रहेगी।

इस पावन प्रसंग पर उपस्थित हम मलकापूरवासी जन आपका अंत:करण से अभिनंदन करते हैं तथा अपने भावों की पुष्पांजलि इस सम्मान पत्र के द्वारा समर्पित करते हैं। हम श्री १००८ जिनेश्वर भगवान से प्रार्थना करते हैं कि आप चिरायुं हो एवं आपके आत्मज्ञान का शुभ संदेश संसार के कोने कोने में सूर्यप्रकाश के भांति फैले यही हमारी कामना है।

जिनशासन मंडप — विनीत,

दिनांक ३०-३-५९ — जैन समाज, मलकापुर

(આ અભિનંદન પત્ર પં. રતનલાલજીએ વાંચ્યું હતું અને શ્રી ચુનીલાલજી શેઠના હાથે અર્પણ કરવામાં આવ્યું હતું.)

# अभिनंदन पत्र

## परमपूज्य अध्यात्मयोगी कानजीस्वामी के चरणों मे सादर समर्पित

❄

हे वीतरागी संत,

धन्य है यह आजका शुभ दिन, हमारा बहुत बडा सौभाग्य हैं कि, आप इस विदर्भ की भूमिके अतिशय क्षेत्र श्री शीरपूर पर पधार कर हमारे आत्माको पवित्र बनाया।

हे गुरुदेव,

आपने अनेक पदभ्रष्ट जीवोंको सुकल्याण के मार्ग पर लाया हैं और आपने सारे जिनशासन की महान और अपूर्व प्रभावना की है।

धन्य है आप गुरुदेव!

हे देशनालब्धी के दाता,

आपका प्रवचन सुनकर हम गद्‌गदीत हुये है।

गुरुदेव, हमको अब भव नहीं करना है। अब आपकी वाणी द्वारा हमें सच्चा मोक्षमार्ग मालूम हुआ है। आपके अमोल वचन से हमारे आत्मामें सादिअनंत सुमंगल प्रभात स्थापित हुई है। धन्य हैं आजका समय। इस समय की स्मृति हमारे जीवन में अमर रहेगी।

हे महान सत्पुरुष

आपके सुबह के मांगलिक प्रवचन-से ही मंगलका यथार्थ अर्थ मालूम हुवा। गुरुदेव! अब हम परद्रव्य का सुधार विधाड नहीं कर सकते, हमारे विकारी भाव ही हमें दु:खित करते हैं। सब परद्रव्य के कर्तृत्व का हमारा व्यर्थ अभिमान नष्ट हो चुका हैं।

हे धर्मवत्सल,

कुंदकुंदाचार्यदेव पाश्चत् १००० वर्ष के बाद अमृतचन्द्राचार्यदेवने समयसारजी शास्त्र पर संस्कृत टीका की, और आज पूनश्च आपने १००० वर्ष के बाद समयसारजी आदि सत्‌शास्त्रो का मंथन करके सुलभ वाणीसे हमको ज्ञानामृत पिलाया।

गुरुदेव! इस महान उपकार की फेड अब हम कैसे कर सकेंगे?

आपकी वाणी इस भूतल पर अजर और अमर बने, यही हमारी आंतरिक भावना हम प्रगट करते हैं।

ता १-४-१९५९

आपके चरणों के दास

दिगंबर जैन मुमुक्षु मंडल

रिन्द की तरफ से प्रमुख ओम्कार जैन

रिन्द [ जि अकोला ]

।। श्री वीतरागाय नम:।।

# परमपूज्य संत सत्पुरुष
# श्रीकानजीस्वामी की सेवामें

पूज्यवर-

आपका स्वागत करते हुवे श्री परमपूज्य देवाधिदेव श्री १००८ श्री भगवान अंतरीक्ष पार्श्वनाथ स्वामी दिगंबरी जैन संस्थान को और इस विभाग की जनता को अतीव हर्ष होता है।

ज्ञानधर-

आपकी अध्यात्म प्रविणता सारे संसार को ज्ञात हैं। आपने इस व्यवहार नय प्रधान सारे विश्व को अध्यात्म मार्गमें अविचल द्दष्टि रखने का मार्ग सुगम और सुबोध करा दिया है, आपका प्रवचन सुनकर मूढ दृष्टि भी सम्यग्दृष्टि बनता है, एसी आप की ख्याति है, अध्यात्मदृष्टि की जैनागमानुसार व्यक्तिविकास और मानवसंस्कृति के लिये एकमेव साधन हैं। इसी साधन की साधना आप निश्चल दृष्टि से और अविरत कर रहे हैं। इस लिये सारा संसार आपका उपकृत हैं। ऐसे परमोपयोगी ज्ञानकी उपासना स्वयं करके श्री जिनश्रुतिका प्रसार करनेमें आपके प्रयत्न सराहनीय हैं, आप जिनश्रुति के ज्ञानधर हो आपके रूपमें आज हम स्वामी कुंदकुंदाचार्य का ज्ञान और व्यक्तित्वका अनुभव कर रहे हैं। आपका दर्शन हमारे लिये सौभाग्य की बात हैं।

कर्मवीर-

आपका प्रभावशाली व्यक्तित्व का सारा समाज आज अनुभव कर रहा हैं। आपने थोडी ही समयमें अनेक जिनमंदिरों को स्थान २ पर निर्माण किया और जिनश्रुतिका सम्यक् प्रकाश कराके अनेक जिन ग्रंथो का सुबोध संपादन अनेक भाषाओंमें किया। आपके उपदेशसे प्रभावित होकर अनेक ज्ञानवान व्यक्तिओंने भी हजारों की संख्यामें दिगंबरी आम्नाय की उपासना ग्रहण कर ली हैं। आपके ही प्रेरणासे तत्त्वार्थसूत्र-मोक्षशास्त्र, समयसार आदि ग्रंथोकी अधिक सुगम और सुबोध टीकाओंके साथ सामान्यजनों को भी उपलब्ध हुवे है। जैनागमानुसार अध्यात्म क्षेत्रमें आपका कार्य और धारणा जागती ज्योत है। आप अध्यात्म के महान कर्मवीर हो।

कृतज्ञता-

दिगंबर जैन तीर्थ यात्रा संघ के साथ स्वामीजीने श्री अतिशय क्षेत्र शिरपूर को दर्शनार्थ भेट दी और आम्नायों के भेदका छेद किया इस लिये यह संस्थान और इस विभाग की जनता आपकी कृतज्ञ हैं।

मि. फाल्गुन वद ९, २४८५<br>शिरपूर, ता १-४-१९५९

आपके विनीत,<br>श्री अं पा दिगंबर जैन संस्थान-शिरपूर

।। श्रीशांतिनाथाय नमः।।

## भारत की भव्य विभूतियों, प्रशान्तात्माओं, धर्ममूर्तियों माननीया श्री भगवती चंपाबहिनजी एवं श्री शान्ताबहिनजी के करकमलों में सादर समर्पित,

# अभिनन्दन पत्र

परमादरणीय!

इस स्वर्णीम वेला में मलकापूर शहर के प्रांगण में आपश्री का शुभागमन जन-जन के हृदय में आनंद की अद्भूत लहर को उत्पन्न कर रहा है। सूर्योदय से जैसे कमल विकसित हो जाता है उसी प्रकार हमारा अंत:स्थल विकसित हो रहा हैं। जिस महान विभूति के दर्शनो के पुण्य वेला की प्रतीक्षा हम महिलाये समयाधिक से कर रही थी, इस दिव्य मूर्ति के दर्शन आपश्री की अन्तर प्रेरणा से होनेवाले इस दक्षिण की शुभयात्रा प्रसंग से हमे प्राप्त हुए, साथ ही अनेक भव्य बन्धु बहिनों का वात्सल्य भी मिला, यह हमारे परम सौभाग्य का विषय हैं। अत: इस मंगलमयी वातावरण में आपश्री को हमारे बीच पाकर हम श्रद्धाके सुमन समर्पित करते हुए कृतकृत्य हो रही हैं।

पूज्य युगल माताओं!

इस भौतिक युग की मिथ्या जगमगाहट से अपनी वृत्ति को आन्तरिक ज्ञायक स्वभाव के बल से पलटकर आध्यात्मिक उन्नति के प्रकाश व प्रसार में लगाई, पूर्व संस्कारो से युक्त होने के कारण सत्पुरुष की आत्महितकारिणि वाणी के श्रवण का योग होते ही आपका अन्तरात्मा सत् पथ पर आरुढ होकर दिनो-दिन जिनशासन की प्रभावना के रूप में परिणित हुवा। आपश्रीने अपने जीवन को सम्यक् श्रद्धान ज्ञान आचरण से आभूषित कर जो आत्मिक लाभ प्राप्त किया, उस दिव्य लाभ को प्रत्येक आत्महितार्थी भी प्राप्त होवे, एतदर्थ शुभ भावों के उत्थान के कारण समय समय पर तीर्थयात्रासंघ के रूप में सम्पूर्ण भारतवासियों को पूज्य स्वामीजी के आत्मदिग्दर्शक दिव्य संदेश के श्रवण का अवसर दिया एवं स्थान-स्थान पर अनेकानेक धार्मिक महोत्सवों को भाव सहित करवायें। सौराष्ट्र प्रांत में आज जो दिगम्बर जैन धर्म की पताकायें फहरा रही है व व्यक्ति-व्यक्ति के हाथ में कल्याणकारी प्रवचनों को पुस्तक रूप में पहुँचायें इत्यादि युगान्तरकारी कर्तव्यों को आपश्रीने महान कुशलता से संचालन किया व कर रही है तथा भविष्य में इसी प्रकार करती रहेगी। अत: आपश्री के सत्पुरुषार्थ की हम बहिने शतवार प्रशंसा करती है।

श्राविका शिरोमणियों!

आपश्री का जीवन अलौकिक भक्ति, गहन आध्यात्मिकज्ञान, सरलशान्तस्वभाव, सहनशीलता अपूर्व धैर्यसाहस, वस्तुस्वरूप के समझाने की क्षमता, रोम रोम में वैराग्य एवं परमवात्सल्यतादि गुणों सें अलंकृत हैं। आपश्री के सदूज्ञान-वैराग्यरूपी विशाल वृक्ष की शीतल छाया में कई बहिने आत्महितार्थ अखन्ड अंसिधारावृत से अपने जीवन को भूषितकर सत् पथ में विचरण करती हुई निवास कर रही हैं। आपश्री का आश्रय पाकर उनके ज्ञानवैराग्यरूपी कुसुमों की ज्योति कषाय व विषयान्धर को आच्छादित करती हुई खिल रही हैं। शील-सन्तोष-संयमादि निधियों से युक्त श्राविकाशीरोमणियों को प्राप्त कर आज महिला समाज गौरव को प्राप्त हो रही हैं।

धर्ममाताओं

आपश्री के गहन-ज्ञान समुद्र मे व भक्तिगंगा मे महिलायें अन्तरलीन हो अपने जीवन को बाह्यशुभाशुभ आतापो से निवृत्तकर शान्त व सफल बनाया। अनादिकालीन अविधा तथा स्वरूप के अनूभ्यास से परमार्थ मार्ग को भूल शुभ भावों को ही वास्तविक पथ मानने की मिथ्याभ्रान्ति जो हमारे अन्तरमें चली आरही थी उसका निराकरण-विनाश आपश्री के संगम से होकर परमार्थ पथ में आज हमारा निष्कंटक गमन प्रारम्भ हुआ। अत: हे धर्ममाताओं! हमारे बाह्माभ्यन्तर शुद्धि में जो प्रकाश मिला व मिलेगा उसके लिये हम आपश्री की चिरऋणी रहेगी।

शीलशीरोमणियों!

अन्त में हमारे भाव पुन: अभिनंदन करने को अग्रसर होते है कि आपश्री साक्षात् विद्यमान देवाधिदेव सीमन्धर परमात्मा की असीम कृपासे दीर्धायु होवे एवं अहिंसा धर्म की ध्वजा सारे विश्व में फहराने हेतु योग देकर हम मलकापूर की मुमुक्षु बहिनों को उपकृत करें। ॐ शान्ति-शान्ति-शान्ति

जिनशासन मंडप — सत्धर्मरुचिका

दिनांक ३१-३-१९५९ — मुमुक्षु बहिने मलकापूर [ बुलडाणा ]

# શાંતિનાથધામમાં આત્મશાંતિનો ઉપાય

## રામટેકમાં પૂ. ગુરુદેવનું પ્રવચન

**રામટેકમાં ૯ દિ. જિનમંદિરો છે, તેમાં મુખ્ય મંદિરમાં શ્રી શાંતિનાથ ભગવાનના ૧૬ ફૂટ ઊંચા ભવ્ય પ્રતિમા શાંત મુદ્રાવંત બિરાજે છે, તેના પૂજન-ભક્તિ બાદ રામટેક તીર્થમાં પૂ. ગુરુદેવનું પ્રવચન.**

**( ચૈત્ર સુદ બીજ તા. ૧૦-૪-૫૯ )**

આ પદ્મનંદી પચીસી શાસ્ત્ર વંચાય છે, ૯૦૦ વર્ષ પહેલા પદ્મનંદી નામના મહાન વનવાસી દિગંબર સંતે આત્માના આનંદની ભૂમિકામાં ઝૂલતાં ઝૂલતાં, આ શાસ્ત્રની રચના કરી છે. આત્મબોધ વગર ચાર ગતિમાં ફસાયેલા જીવોને આત્મબોધ કરાવવા માટે તેમણે આ શાસ્ત્રમાં શુદ્ધ આત્માનું સ્વરૂપ બતાવ્યું છે. નિશ્ચય-વ્યવહાર બાબતમાં તેઓ કહે છે કે અબુધ-અજ્ઞાની પ્રાણીઓને આત્માનું સ્વરૂપ સમજાવવા માટે વિકલ્પ ઊઠતાં હું વ્યવહારદ્વારા તેનો ઉપદેશ કરી, અર્થાત્ ઉપદેશમાં તો વ્યવહારથી-ભેદથી કથન આવશે. પરંતુ નિશ્ચયસ્વરૂપના આશ્રયે જ કર્મનો ક્ષય થાય છે, એટલે નિશ્ચયસ્વરૂપનું અવલંબન જ અમારે બતાવવું છે, વ્યવહારથી કથન આવે તેમાં પણ વ્યવહારનું અવલંબન કરાવવાનો અમારો આશય નથી, અમારો આશય તો શુદ્ધ નયનું અવલંબન કરાવીને શુદ્ધાત્માનો અનુભવ કરાવવાનું છે કેમકે તેના જ આશ્રયે કર્મક્ષય થાય છે. કર્મનો ક્ષય કહો કે આત્મશાંતિની પ્રાપ્તિ કહો, તે શુદ્ધાત્માના આશ્રયે જ થાય છે.

જુઓ, આ આત્મશાંતિનો ઉપાય! શાંતિનાથ ભગવાનનું આ ધામ છે, તેમાં આત્માની શાંતિનો ઉપાય બતાવાય છે. શાંતિનો નાથ, શાંતિનો ભંડાર ખરેખર તો આ આત્મા જ છે, એટલે આત્મા જ ‘શાંતિનાથ ભગવાન છે; તેના આશ્રયે અપૂર્વ શાંતિનું વેદન થાય છે. પોતાના આત્મા સિવાય બીજા કોઈ ભગવાન (સિદ્ધ-ભગવાન કે અરિહંત ભગવાન) કાંઈ જીવને દર્શન દેવા અહીં આવતા નથી. કેમકે સિદ્ધભગવાન તો શરીરરહિત થઈ ગયા, ને અરિહંત ભગવાન તો અત્યારે વિદેહક્ષેત્રે બિરાજે છે, એટલે તે ભગવંતો અહીં દર્શન દેવા આવતા નથી, પણ તેમના જેવો જે પોતાનો ચૈતન્યસ્વભાવ છે તેનું ભાન (સમ્યગ્ દર્શન) કરીને અને તેની સાધના કરીને આ આત્મા પોતે પરમાત્મા બનીને સિદ્ધાલયમાં જાય છે. આત્માની આવી પ્રભુતા આચાર્ય દેવ ઓળખાવે છે કે હે જીવો! તમારામાં તમારી પ્રભુતા રહેલી છે; પણ તેની સાવધાની (વિશ્વાસ ને એકાગ્રતા) વગર જીવ સંસારમાં ભ્રમણ કરીને દુઃખી થઈ રહ્યો છે. અંતરમાં શુદ્ધ નયવડે આત્માના શુદ્ધસ્વરૂપને પ્રતીતમાં લેતાં આત્મશાંતિ પ્રાપ્ત થાય છે. બહારમાં શાંતિનાથ ભગવાનના દર્શન-પૂજન-ભક્તિ વગેરેનો ભાવ આવે, ધર્માત્માને પણ એવો ભાવ આવે, પણ તે શુભભાવ છે, તેની મર્યાદા પુણ્યબંધન કરાવવા પૂરતી જ છે, મોક્ષની પ્રાપ્તિ કરાવવી તે તેની મર્યાદાની બહાર છે, અર્થાત્ તે શુભરાગવડે મોક્ષ કે આત્મશાંતિ થતી નથી. આત્મશાંતિ અને મુક્તિ તો શુદ્ધનયવડે અંતર્મુખ થઈને શુદ્ધાત્માનો અનુભવ કરવાથી જ થાય છે.

જે જીવ આત્મસ્વરૂપ સમજવાનો, અત્યંત જિજ્ઞાસુ છે, તેને શ્રીગુરુ શુદ્ધાત્મા સમજાવે છે, પરંતુ તે શિષ્યને શુદ્ધનયનો અનુભવ નહિ હોવાથી તેને સમજાવવા ભેદરૂપ વ્યવહારથી ઉપદેશ આપે છે. ઉપદેશક ગુરુનો આશય ભેદમાં અટકાવવાનો નથી તેમજ જિજ્ઞાસુ શિષ્ય પણ તે ભેદના વિકલ્પમાં અટકતો નથી, પણ ભેદથી ખસીને અભેદ સ્વભાવને પકડવાનો પ્રયત્ન કરે છે. આવા જિજ્ઞાસુને શુદ્ધ આત્માની શાંતિનું અપૂર્વ વેદન થાય છે.

આ ચૈતન્યસ્વરૂપનું ભાન કરીને તેની શાંતિનું વેદન આબાલગોપાળ સૌને થઈ શકે છે, સિંહ વગેરે તિર્યંચોને કે નારકીઓને પણ ચૈતન્યની અતીન્દ્રિય શાંતિના અંશનું વેદન થઈ શકે છે. દરેક આત્મા શાંતિસ્વભાવથી ભરેલો પરમાત્મા છે. ભાઈ, તને તારું પરમાત્મસ્વરૂપ સંતો દેખાડે છે. તારી શાંતિ તારામાં ભરેલી છે, તે ક્યાંય બહારથી નથી આવતી, તેમજ બહિર્મુખ વિકલ્પોમાંથી પણ શાંતિ નથી આવતી; રાગથી પાર થઈને ચૈતન્યસ્વરૂપમાં અંતર્મુખતાથી જ પોતાની અતીન્દ્રિય શાંતિ વેદનમાં આવે છે.

શિષ્યને સમજાવવા માટે આચાર્યદેવ ગુણ–ગુણી ભેદથી ઉપદેશ આપે છે કે ‘ દર્શન–જ્ઞાન–ચારિત્રને જે હંમેશા પ્રાપ્ત હોય તે આત્મા છે. ” તારો આત્મા સદાય દર્શન–જ્ઞાન–ચારિત્રસ્વરૂપમાં પરિણમી રહ્યો છે. દેહને પ્રાપ્ત હોય તે આત્મા–એમ ન કહ્યું, રાગને પ્રાપ્ત હોય તે આત્મા–એમ પણ ન કહ્યું, કેમકે તે આત્માનું ખરૂં સ્વરૂપ નથી; આત્માનું ખરૂં સ્વરૂપ તો દર્શન–જ્ઞાન–ચારિત્ર છે, તે સ્વરૂપ સાથે આત્મા ત્રણે કાળે એકમેક છે. આવી આત્માનીવાત સાંભળતાં વેંત જ તે સમજવા માટે ટગટગ જોઈ રહે છે અર્થાત્ જ્ઞાનને અંતરમાં વાળવાનો પ્રયત્ન કરે છે. અહો! આ કાંઈક મારા અપૂર્વ હિતની વાત મને સંભળાવે છે–એમ તેનો મહિમા લાવે છે, ન સમજાયું તેથી કંટાળો નથી લાવતો પણ તેનો મહિમા લાવીને સમજવાનો ગરજાુ થઈને અંદર પ્રયત્ન કરે છે. સંતો જે ભાવ કહેવા માંગે છે તેને ધીરજથી તીવ્રજિજ્ઞાસાથી અનુસરવા માંગે છે. અહા! આ ચૈતન્યસ્વરૂપ આત્માની વાતમાં કોઈ અપૂર્વ શાંતિની ઝાંખી થાય છે, સંતો મને મારી અપૂર્વશાંતિનો ઉપાય બતાય છે–એમ અતિશય બહુમાન લાવીને જ્ઞાન–નજરને ( મતિ, શ્રુતજ્ઞાનને ) અંતરમાં વાળીને શુદ્ધ નયવડે ટગટગપણે ચૈતન્યસ્વરૂપને નીહાળે છે. આ દર્શન મોહનો ક્ષય કરીને અપૂર્વ ચૈતન્યશાંતિ પ્રાપ્ત કરવાનો ઉપાય છે. શાંતિનાથ ભગવાન પણ આ જ રીતે આત્માની પૂર્ણ શાંતિને પામ્યા, ને શાંતિ માટે તેમણે આ જ માર્ગ જગતને ઉપદેશ્યો...માટે જેઓ આત્મશાંતિને ચાહતા હોય એવા મુમુક્ષુઓ શુદ્ધ નયવડે આ માર્ગને અનુસરો.

આચાર્યદેવ કહે છે કે અમે મુમુક્ષુ છીએ અને શુદ્ધ નયવડે ચૈતન્યસ્વરૂપને અમે અનુસરીએ છીએ. બીજા પણ જે જીવો મુમુક્ષુ હોય તેમને માટે અમારો ઉપદેશ છે કે હે મુમુક્ષુઓ! તમે પણ શુદ્ધ નયવડે તમારા આત્માને અનુસરો....તે શુદ્ધ નયના અવલંબન વડે જ કર્મક્ષય થાય છે. કોઈ વ્યવહારની રુચિવાળા જીવોને શુદ્ધ નયના આશ્રયની આ વાત ન રુચે તો મને મુમુક્ષુ જાણીને ક્ષમા કરજો...કેમકે હું તો મુમુક્ષુ ( મોક્ષનો જ અભિલાષી ) છું તેથી જેનાથી મોક્ષ થાય તે જ વાત મારા ઉપદેશમાં આવશે. અમને રાગની રુચિ નથી તો રાગના અવલંબનનો ઉપદેશ અમારી વાણીમાં કેમ આવે? પદ્મનંદીમાં બ્રહ્મચર્યનો ખૂબ ઉપદેશ આપીને છેવટે વિષયના લોલુપી જીવો ઉપર કટાક્ષ કરતાં કહે છે કે હે વિષયાંધ પ્રાણીઓ, વિષયોના તીવ્ર પ્રેમને લીધે તમને જો આ બ્રહ્મચર્યનો ઉપદેશ ન રુચે તો મને મુનિ જાણીને ક્ષમા કરજો...કેમ કે હું મુનિ છું, વિષયોથી પાર ચૈતન્યના આનંદને સાધનાર મુનિની વાણીમાં તો બ્રહ્મચર્યનો ને વીતરાગતાનો જ ઉપદેશ હોય; વિષય–કષાયના સેવનનો ઉપદેશ વીતરાગની વાણીમાં કેમ હોય! અરે મૂઢ પ્રાણીઓ! બાહ્ય વિષયોમાં સુખની કલ્પના તે તો મોટી ભ્રમણા છે; બાહ્ય વિષયો સ્વપ્નમાં પણ શાંતિ આપવા સમર્થ નથી. બાહ્ય વિષયોના અવલંબનવડે કે રાગાદિ બાહ્ય વૃત્તિઓવડે કદી ચૈતન્યશાંતિનું વેદન થતું નથી. ચૈતન્યશાંતિનું વેદન તો શુદ્ધનયદ્વારા અંતર્મુખ થવાથી જ થાય છે. આ જ ધર્મ છે, આ જ શાંતિનો રાહ છે, ને આ જ શાંતિનાથ ભગવાનની ખરી યાત્રા છે.

# વનવાસ વખતે

વનવાસ વખતે સીતાજીને બહારમાં રામનો વિયોગ થયો પણ અંતરમાં આતમરામનો વિયોગ નથી થયો. વનવાસ વખતે ય નિઃશંકપણે તેને ભાન છે કે અમને અમારા ચિદાનંદ સ્વભાવનો જ આધાર છે....આ વન કે સિંહ-વાઘની ગર્જનાઓ તે કોઈ સંયોગ અમને અમારા સ્વભાવના આધારથી છોડાવવા સમર્થ નથી. ઉપર આભ ને નીચે ધરતી, ભલે કોઈ સગાંસંબંધી ન હો, છતાં અમે અશરણ નથી, અંતરમાં અમારો ચિદાનંદ સ્વભાવ જ અમારું મોટું શરણ છે. રાજમહેલ અમને શરણભૂત હતા ને આ જંગલમાં અમે અશરણ થઈ ગયા-એમ નથી; જગત આખું અમારા માટે અશરણ છે, અમારો આત્મા જ અમારું શરણ છે.

# સીતાજીનો સંદેશ

વનવાસ વખતે સીતાજી કહેવડાવે છે;

“હે સેનાપતિ! મારા રામને કહેજે કે લોકાપવાદના ભયથી મને તો છોડી, પણ જિનધર્મને ન છોડશો; અજ્ઞાની લોકો જિનધર્મની પણ નિંદા કરે તો તે નિંદાના ભયથી સમ્યગ્દર્શન ને કદી ન છોડશો. ચૌવિધ સંઘની સેવા કરજો....મુનિઓ અને આર્જિકાઓને ભક્તિપૂર્વક આહારદાન દેજો.....” જુઓ આવા વનવાસ પ્રસંગે પણ સીતાજીને અંતરના સ્વભાવમાંથી ધર્મનો ઉમળકો આવ્યો છે..... ધર્મના આધારભૂત સ્વભાવ અંતરમાં દેખ્યો છે તે સ્વભાવના આશ્રયે ઉમળકો આવ્યો છે....અહો! ભલે જંગલમાં એકલી પડી પણ મારા ધર્મનો આધાર અંદર પડય ો છે તે આધારને હું નથી છોડતી......અને મારા રામને કહેજો કે તે પણ ધર્મને ન છોડે....લોકોપવાદની ખાતર મને તો છોડી પણ ધર્મને ન છોડે.

# આત્માની શોભા

આત્મા પોતાના સ્વભાવમાં એકતા કરીને સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમે તેમાં આત્માની શોભા છે; પરંતુ સાથે સંબંધથી અશુદ્ધતારૂપે તેમાં તેની શોભા નથી. માટે હે જીવ! પરથી અત્યંત ભીન્નપણું જાણીને, પર સાથેનો સંબંધ તોડીને તારા જ્ઞાયકસ્વભાવમાં એકત્વ કર. જ્ઞાયકસ્વભાવમાં એકતા કરીને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટયા તેના વડે જ તારા આત્માની શોભા છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટવતી મુદ્રક અને
પ્રકાશકઃ હરિલાલ દેવચંદ શેઠ આનંદ પ્રી. પ્રેસ-ભાવનગર